
# અધ્યાત્મ


વર્ષ : ૭
અંક : ૩
ડિસેમ્બર : ૧૯૮૬

## * સદ્‌ભાવભરી ભેટ *

સદ્‌ભાવભરી ભેટની સરિતા વાંચકો તરફથી અમારી તરફ વહેતી રહે છે. એમાં અમને ઇશ્વરની તેમજ આપણાં મા–પ્રભુની કૃપાનું દર્શન થાય છે. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

૨૫૦ શ્રી દિલીપભાઇ હિમ્મતલાલ પારેખ, બીકાનેર બેન ચંદ્રિકાના વેવિશાળ પ્રસંગે.

૧૦૧ જાની હરિચંદ્ર હરજીવનદાસ જાની, મુંબઈ નવા મકાનમાં પ્રસ્થાન અંગે.

૫૧ શ્રી કૈલાસબેન તરફથી સ્વ. શ્રી ચીમનલાલ દવેની પુણ્ય સ્મૃતિમાં, મુંબઇ.

૫૧ શ્રી હરસુખરાય પંડ્યા, રાજકોટના પુત્ર હિતેશકુમાર તેણજ પુત્રી ધર્મિષ્ઠાના જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી હરસુખરાય પંડ્યા, રાજકોટ નવા મકાનના પ્રવેશ અંગે.

૫૧ શ્રી શાન્તિલાલ નરભેરામ જપી, મુંબઇ.

૫૧ રાજકોટનાં એક બહેન તરફથી.

૫૧ શ્રી એ. જી. પંચાલ સુરત.

૫૧ ઇશ્વરલાલ કેડિયા, મનોકામના પૂર્ણ થવાથી.

૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ–મોરબી.

૧૫ શ્રી દીનેશ પ્રાણજીવનદાસ રાણા, સુરત.

૧૫ શ્રી હરેન્દ્ર બી. સુરતિયા.

૧૧ શ્રી કમલેશકુમાર મધુસૂદન બારોટ, રાજકોટ પહેલા પગારમાંથી.

૧૧ શ્રી રમણલાલ મહેતા, મોરબી.

૧૧ શ્રી ચંદ્રકાન્ત બી. ટેલર, રાંદેર.

સહુનો આભાર.



પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી દેવીના ૬૬૦ મા ઉપવાસના દિવસે એક વિરલ મુક્તહાસ્ય મુદ્રામાં

રૂા. ૧,૦૦૧૦૧ના સર્વેશ્વરી તીર્થ ટ્રસ્ટના પ્રથમ દાતા



શ્રી લલ્લુભાઈ ભકત એમનાં ધર્મપત્ની શ્રી ગુલાબબેન ભકત
અને એમનાં પૂ. માતાજી શ્રી ફુલીબા, કપૂરા.

---

**✻ જાન્યુ. '૮૭ના અંક વિષે ✻**

કોઈ સંજોગવશાત્, જાન્યુ. '૮૭ નો અંક પ્રસિદ્ધ નહિ કરી શકીએ તો, જાન્યુ. તથા ફેબ્રુ. '૮૭ નો સંયુક્ત અંક બહાર પાડીશું.

—તંત્રી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૮ અંક : ૩ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૯૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| બુદ્ધિયોગ | યોગેશ્વરજી | ૩ |
| મંગલ પ્રારંભ | શ્રી સર્વેશ્વરી | ૫ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરીનો ૪૪ મો જન્મ દિવસ | પિનાકીન ના. જાની | ૮ |
| 'વ્યસનનાબુદી માટે સક્રિય કરુણા' | સાધુ આનંદજીવનદાસ | ૧૩ |
| સદ્ભાવની સહાય | તંત્રી | ૧૫ |
| ભક્તની પરમકોટિ | ભૂપતરાય મો. ઠાકર | ૧૮ |
| સદ્ગુરુ (ગુરુતત્વ) વિષે સંતોના અભિપ્રાયો | અધ્યાત્મ પ્રેમી | ૨૧ |
| મોટું જગમાં જાણજો ! | જગદીશચંદ્ર એસ. આચાર્ય | ૨૪ |
| એક રોમાંચક યાત્રા (૩) | નારાયણ હ. જાની | ૨૫ |
| પરમ વંદનીય સર્વેશ્વરી માને ચરણે | "મધુરમ્" | ૩૦ |
| જરા હું યાદ કરી તો લઉં ! | ઈશ્વરભાઈ પરમાર્થી | ૩૧ |
| એક આધ્યાત્મિક અનુભવ | કલ્યાણરાય હરિદાસ છાયા | ૩૫ |
| આપ્ત ઈશારા | મમતા પી. ભાટીયા | ૩૭ |
| સાધન નિર્માણ | ઈશ્વરભાઇ એમ. શાહ | ૪૩ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૧ |
| બે માતાઓ | પ્રાગજી ડોસા | ૫૭ |
| 'પ્રકાશ પથકા યાત્રી'ને આવકાર | રવિભાઇ મહેતા | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૮ ડિસેમ્બર-૧૯૮૬ અંક : ૩

## બુદ્ધિયોગ

શ્રીમદ્ ભગવદ્ગીતાના દસમા અધ્યાયના દસમા શ્લોકમાં ભગવાન કૃષ્ણે અર્જુનને કહ્યું છે :

તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્,
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે.

અર્થાત્ જેમનાં જીવન મારી સાથે સતત રીતે સદાને માટે જોડાયેલાં હોય છે ને જે મને પરમ પ્રેમપૂર્વક શ્રદ્ધાભકિતથી સંપન્ન બનીને અંતરના અંતરતમમાંથી સર્વ પ્રકારે ભજે છે તેમને હું બુદ્ધિયોગ આપું છું જેથી તે મને મેળવી લે છે અથવા મારો સાક્ષાત્કાર સાધી શકે છે.

એ ઉદ્ગારોનું રહસ્ય જાણવા જેવું છે ભગવાન ભકત પર પ્રસન્ન થઇને શું આપે છે ? ધન, વૈભવ, યશ, પદ, પ્રતિષ્ઠા, અધિકાર, સૌંદર્ય, યૌવન, દીર્ઘજીવન, રિદ્ધિસિદ્ધિ ? ભગવદ્ગીતામાં એના પ્રત્યે અંગુલિનિર્દેશ કરવામાં નથી આવ્યો, એમાં તો જણાવવામાં આવ્યું છે કે ભગવાન પોતાના એકનિષ્ઠ ભક્ત કે આરાધકને કૃપા કરીને બુદ્ધિયોગ આપે છે. બુદ્ધિની પ્રાપ્તિ થવી એક વાત છે ને બુદ્ધિયોગની સંપ્રાપ્તિ થવી એ જુદી જ વાત છે.

બુદ્ધિથી સંપન્ન માનવો અનેક દેખાય છે. વૈજ્ઞાનિકો, ડોકટરો, વકીલો, ન્યાયાધીશો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, વેપારીઓ, અમલદારો, રાજનીતિજ્ઞો, લોકસેવકો, ખેડૂતો અને મજૂરો ઓછીવત્તી બુદ્ધિથી સંપન્ન હોય છે. ચોરી તથા ખૂન કરનારા ને કરવેરા છુપાવનારાઓ તથા દાણચોરોમાં પણ ઓછી બુદ્ધિ નથી હોતી. પોતાના કુકર્મને સફળતાપૂર્વક પાર પાડવા માટે તે બુદ્ધિનો ઉપયોગ કરીને કુશળતાપૂર્વક યોજના બનાવે છે અને એનો અમલ કરે છે. રાવણે સીતાના હરણ માટે જે યોજના ઘડેલી એને માટે અસાધારણ બુદ્ધિશક્તિનો ઉપયોગ કરેલો, પરંતુ એ બુદ્ધિ પ્રશસ્ય ના બની અને એનું અને અન્યનું કલ્યાણ પણ ના કરી શકી. ભગવાન ભક્તને કૃપાની વર્ષા વરસાવીને એવી બુદ્ધિનું દાન નથી કરતા. ગીતામાં એમણે પોતાના અનુગ્રહના પરિણામરૂપ કેવળ બુદ્ધિપ્રદાન કરવાનું કહેવાને બદલે બુદ્ધિયોગપ્રદાન કરવાની વાત કરી છે. એ બુદ્ધિયોગનો અર્થ શો થાય છે અથવા એ કેવાક કામમાં આવે છે એનું સ્પષ્ટીકરણ એમણે ત્યાં તરતજ કર્યું છે. 'યેન મામુપયાંતિ તે' ભક્તને હું એવો બુદ્ધિયોગ આપું છું કે જેની મદદથી એ મારી પાસે પહોંચી શકે અથવા મારો સુખદ શાંતિ પ્રદાયક સાક્ષાત્કાર સાધી શકે. બુદ્ધિ વાદવિવાદ માટે, વિતંડાવાદ માટે, બુદ્ધિપ્રદર્શન માટે પણ હોઈ શકે. મસ્તિષ્કનો અલંકાર પણ બની શકે. ભગવાન એવી બુદ્ધિની બાંયધરી આપવાને બદલે બુદ્ધિયોગની બાંયધરી આપે છે. નિર્મળ પરમાત્મમયી પરમાત્મપરાયણ વૃત્તિ કે બુદ્ધિ જ યોગ બની શકે. જીવ અને શિવની વચ્ચેના સેતુનું કામ કરી શકે. માનવને પવિત્ર માનવતાથી મંડિત, મુકત ને પૂર્ણ બનાવે અને અન્યને માટે જીવતાં શીખવે. ભકત કે સાધકને એવા બુદ્ધિયોગની જ અપેક્ષા અને આવશ્યકતા હોય છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના દસમા અધ્યાયના અગિયારમા શ્લોકમાં

(અનુસંધાન પૃષ્ઠ ૫૯ ઉપર)



# મંગલ પ્રારંભ

શ્રી સર્વેશ્વરી

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ એટલે પૂ. શ્રી યોગેશ્વરજીએજ સ્થાપેલી સેવાની એક જાહેર સંસ્થા. એ સંસ્થા તરફથી અધ્યાત્મ નામનું માસિક ચાલી રહ્યું છે. વળી, પૂ. શ્રી યોગેશ્વરજીના માતાજી શ્રી જ્યોતિર્મયી માતાનું એક જીવંત સ્મારક કરવાનું પણ પૂ. શ્રીએ વિચારેલું અને એ અધૂરા વિચારને સર્વમંગલ ટ્રસ્ટે પૂર્ણ કર્યો. પૂ. શ્રીની વિદાય પછી ગુજરાતના પ્રસિદ્ધ તીર્થધામ અંબાજીમાં માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ "સ્વર્ગારોહણ" યાત્રીઓને ઉતરવાનું સર્વશ્રેષ્ઠ વિશ્રામગૃહ ત્યાંના દાંતા રોડ ઉપર માતૃભક્તિનું યશગાન ગાતું ઊભું છે.

સ્વર્ગારોહણ અને અધ્યાત્મ જેવું જ હવે ગુજરાતમાં વડોદરા શહેરમાં પૂ. શ્રી યોગેશ્વરજીનું જીવંત સ્મારક બનાવવાની આપણા સૌની ફરજ છે. પૂ. શ્રી યોગેશ્વરજીના પોતાના લખેલા પુસ્તકોથી તથા સાધનાથી ગુજરાતની જનતા અજાણ નથી. તેથી જ ભવિષ્યની પેઢી માટે પણ પૂ. શ્રીના વ્યક્તિગત આદર્શો અને સમાજના સર્વ ક્ષેત્રની સર્વ પ્રકારે સેવા થઇ શકે એવું એક કેન્દ્ર સ્થપાય તે જરૂરી છે.

પૂ. શ્રીને આવા એક સેવાકેન્દ્રની કલ્પના ૧૯૭૮થી આવી હતી. ૧૯૭૯ના પત્ર વ્યવહારમાં તથા ડાયરીમાં એમના હસ્તાક્ષરોમાં એ ભવ્ય કલ્પનાનો ઉલ્લેખ જોવા મળે છે. એવી સંસ્થાના પૂ. શ્રીએ નામ પણ સૂચવ્યાં હતાં. "સર્વેશ્વરી સદન", "પરમ ધામ", અથવા "સર્વેશ્વરી તીર્થ" એથી જ પૂ. શ્રી યોગેશ્વરજીનું જીવંત સ્મારક બનાવવાનું કામ જે

સંસ્થા ઉપાડી રહી છે. તેનું શુભ નામ "શ્રી સર્વેશ્વરી તીર્થ ચેરીટેબલ ટ્રસ્ટ" છે. આ સંસ્થાનું નામ પણ પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રસાદીજ છે.

એ નવી સંસ્થાનો પ્રારંભ વડોદરામાં તા. ૧૩–૧૧–૮૬ના રોજ થયો.

હમણાંજ વિદેશથી પધારેલા અધ્યાત્મના આજીવન સભ્ય અને મા સર્વેશ્વરીના સ્વજન વડીલ શ્રી લલ્લુભાઇ અને ગુલાબબેન મળ્યાં. ફક્ત ત્રણ દિવસના સત્સંગના પરિચય માત્રથી તે દંપત્તિએ તેમના માતાજી ફુલીબેન મથુરભાઇ ભકતના પવિત્ર હાથે એક લાખ એકસો એક રૂપિયા પૂ. શ્રીના સ્મારક માટે આ સંસ્થાના પ્રારંભ પ્રસંગે અર્પણ કર્યા.

આવી અચાનક દૈવી સહાય આ સંસ્થાના પ્રારંભે જ મળશે એવી કલ્પના ન હતી. સાચા સંતોના સ્મારકની ચિંતા પ્રભુ પણ કરતા હોય છે. એવું અનુભવે જણાયું. શ્રી લલ્લુભાઇ અને ગુલાબબેનની એવી દૈવી સહાય માટે વિશેષ અભિનંદન ઘટે છે. પ્રભુ તેમના હાથે એવાં સત્કર્મ સતત કરાવતા રહે એવી પ્રાર્થના છે.

શ્રી સર્વેશ્વરી તીર્થ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રારંભે પૂ. શ્રી યોગેશ્વરજીને પ્રિય એવી સત્કર્મની પ્રવૃત્તિનો પણ પ્રારંભ થયો. વિદ્યાર્થી જગતને સસ્તા દરે સારી નોટબુકો મળી રહે એ યોજનાને પણ જનતાએ સારો આવકાર આપ્યો.

વળી, તે જ દિવસે અમારા માતાપિતાની સ્મૃતિમાં અમારા મોટાભાઇ શ્રી વામનભાઇ તરફથી "અમર જીવન" નામનું પુસ્તક ટ્રસ્ટને ભેટ મળ્યું. અમર જીવન એટલે પૂ. શ્રી યોગેશ્વરજીએ ૧૯૮૩માં કપૂરામાં મૃત્યુ ઉપર આપેલા પ્રવચનોનો સંગ્રહ. શ્રી સર્વેશ્વરી તીર્થ ચેરીટેબલ ટ્રસ્ટનાં નાનકડા પ્રથમ



પ્રકાશનનો પણ એ રીતે પ્રારંભ થયો.

આ ટ્રસ્ટે નીચે મુજબની યોજનાઓ વિચારી છે.

(૧) શ્રી યોગેશ્વર સ્મૃતિ ભવન પ્રભુના વિવિધ સ્વરૂપની પ્રતિમાવાળુ મંદિર.

(૨) ધ્યાન સાધના હોલ.

(૩) પૂ. શ્રી યોગેશ્વરજીના તપોમય જીવનની ઝાંખી કરાવતું ઈલેકટ્રોનીક કાયમી પ્રદર્શન.

(૪) વ્યાયામ કેન્દ્ર.

(૫) યોગ કેન્દ્ર.

(૬) ગરીબ વિદ્યાર્થીઓ, વિધવા, અપંગ દર્દીઓને સહાયક પ્રવૃત્તિઓ.

(૭) મફત શૈક્ષણિક વર્ગો.

(૮) કુદરતી આફતો સામે સહાય.

આવા ભવ્ય સ્મારક માટે જ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. વડોદરાની જનતાને જ્યારે આ યોજનાની જાણ થઈ ત્યારે ટ્રસ્ટની જાહેરાત કરતા પૂ. શ્રીના અનન્ય સેવાભાવી વૃદ્ધભકત પુરુષ શ્રી જશભાઈ પટેલે પંદર હજાર રૂપિયા ટ્રસ્ટના ચરણે ધર્યા. શ્રીજીતુભાઇ ગાંધી, શ્રી વિનુભાઇ અમીન, હંસાબેન પટેલ, શ્રી વિનોદભાઇ જોષી જેવા અનેક વડોદરાના પ્રેમીભાઇઓએ દાનનો પ્રવાહ વહેતો કર્યો. અમદાવાદ ધ્યાનકેન્દ્રે ઘણી મોટી રકમ ટ્રસ્ટને અર્પણ કરી. શ્રી બાબુભાઇ વ્હોરા સહિત સૌ કોઇને અભિનંદન ઘટે છે. પૂ. શ્રીનું સુંદર જીવંત સ્મારક સેવાની પ્રવૃત્તિથી સુગંધિત બનશેજ. એવો વિશ્વાસ છે.

# પૂ. માશ્રી સર્વેશ્વરીનો ૪૪ મો જન્મ દિવસ

—પિનાકીન ના. જાની

**સાધનાની સ્લેટ પ્રભુ કદી કોરી રાખતોજ નથી.**

પૂ. મા શ્રી સર્વેશ્વરી

પૂ. મા શ્રી સર્વેશ્વરીનો ચુમ્માલીસમો જન્મદિન ખૂબ ધૂમધામથી ભકતોએ ઉજવ્યો. વડોદરા ધ્યાનકેન્દ્રના સાધક-ભાઈ–બહેનો અને શ્રી જીતુભાઈ ગાંધી અને તેમના પરિવારના સભ્યોએ આ પ્રસંગે અરૂણોદય હોલના સ્ટેજને સુંદર રીતે ફૂલ–માળાઓથી સજાવ્યું. તેમાંય પૂ. મહાત્મા શ્રી યોગેશ્વર-જીની મોટી પ્રતિકૃતિને–પૂ. મા ને કલ્પુબેન ગાંધીએ ચાર રાતોના અખંડ ઉજાગરા કરી–પૂ. શ્રી પહેરતા તેવાં શાલ ને ધોતી સરસ રીતે પહેરાવ્યાં. આ પ્રતિકૃતિને સ્ટેજ ઉપર પધરાવી, જ્યારે એના ઉપર ઢાંકેલ વસ્ત્ર હટાવતાં–પૂ. શ્રી સદેહેજ જાણે એમની હંમેશની અદામાં સ્ટેજ ઉપર ઊભા હોય એવું સાધકોને લાગ્યું.

પૂ. મા શ્રી સર્વેશ્વરી જ્યારે ભકત સમુદાય વચ્ચે પધાર્યાં ત્યારે સહુ સાધક ભાઈ–બહેનોએ ઊભા થઈ પૂ. માનું ઉમળકા-ભેર અભિવાદન કર્યું. પૂ. માને તેમજ પૂ. ગુરુદેવને શ્રી કલ્પુબેન ગાંધીએ પુષ્પહારો પહેરાવી, ને શાસ્ત્રોકત વિધિથી પૂ. શ્રીની પ્રતિકૃતિનું પૂજન કર્યું.

પૂ. માએ કહ્યું: ''અમારૂં આ તપ, સાધના જે કંઇ કહો તે પ્રભુના પ્રત્યક્ષ દર્શન માટેની મથામણ છે. તમે સહુ અમારી આ મથામણ જુઓ છો, સમજો છો ને અમારા ઉપર ભાવ રાખો છો એટલે તો અમારૂં આમંત્રણ મળતાં,



સંસારના કામોમાંથી સમય કાઢી, અહીં દોડી આવો છો. અમે એ બદલ સહુનાં આભારી છીએ.''

એમણે ઉમેર્યું ''એટલું જરૂર માનજો કે પ્રભુના દ્વારે પાડેલો કોઇ પોકાર કદી નિષ્ફળ જતો નથી. અમારી એ શ્રદ્ધા છે અને પ્રભુ પાસે એજ માગીએ છીએ કે ધ્યેયની સિદ્ધિ પર્યંત અમારી એ મૂડીને તમે સાચવજો.''

''પ્રભુ દયાળુ છે ને ભક્તોની ભૌતિક–આર્થિક માગણીઓ પણ સંતોષે છે. તમે જેમ નોકરી કરે છો ને વેતન પામો છો, એમ અમે પણ પ્રભુની ચાકરી કરીએ છીએ. એટલે બદલામાં તે શાંતિ, સંતોષ ને આનંદનું ભાથુ આપતો રહે છે. અરે, અખંડ આનંદ આપ્યાં કરે છે, જેનું મૂલ્ય કોઈ ભૌતિક પદાર્થથી ના થાય.''

''અમારે પ્રભુને પૂ. ગુરૂદેવના સ્વરૂપે પ્રકટાવવા છે. એજ સ્વરૂપે એ પાછા આવે, બોલે, સાથે બેસે ને જમાડે. આને ભલે જેને હઠ માનવી હોય તે માને, પરંતુ અમારો વિશ્વાસ છે કે ભૂતકાળમાં એણે અનેક ભક્તોની આવી હઠો પૂરી કરી છે, તો અમારી પણ કરશેજ ને? યાદ રાખો કે સાધનાની સ્લેટ પ્રભુ કદી કોરી રાખતો નથી. નહિ તો આ માર્ગે ટકાય જ નહિ.''

''અમે તો પ્રભુને કહીએ છીએ કે તારે જે જોઈએ તે માંગી લે; અરે, અમારૂં જીવન પણ જોઈતું હોય તો માંગી લે. અમે આપવા તૈયાર છીએ. પણ એવું થાય તો એની લાજ ન જાય શું?''

''દુનિયામાં ભૂતકાળમાં અનેક ભક્તો થયા છે ને આજેય ઘણા છે. પરંતુ અમારી ભાવના એવી છે કે અમારૂં સમર્પણ ને શ્રદ્ધા એનેય યાદ રહી જાય એવાં હોવાં જોઇએ. પછી ભલે એને જેટલું તપાવવું હોય, તેટલું તપાવે, જપાવે.

અમારી બધા માટે તૈયારી છે જ." અને ગુરુદેવ જાણે કહેતા હોય એવા બુલંદ અવાજે પૂ. મા ગાઈ રહ્યાં:-

પ્રભુપંથના અમે શેઠિયા, સર્વેશ્વરી મુનિમજી,
વેપાર કરે અમારી વતી, સફળ થાશે એક દિનજી.

ખરેખર, ભકતોને આજે લાગ્યું કે પૂ.મા ગુરુદેવના મુનિમજી તરીકે એમના મહિમાને ફેલાવવાનું કામજ કરે છે ને!

પૂ. માનો આ જન્મદિન એ રીતે યાદગાર બની ગયો કે વડોદરામાં પૂ. શ્રીનું જે સ્મારક કરવાનું છે, તે માટે પૂ. ગુરુદેવની સૂચના મુજબનું શ્રી સર્વેશ્વરી તીર્થ ચેરિટેબલ-ટ્રસ્ટની સ્થાપના આજે જાહેર થઈ. પૂ. શ્રી તેમજ પૂ. માના અનન્ય ભકત શ્રી જશભાઈ પટેલે દીપ પ્રકટાવી ટ્રસ્ટની જાહેરાત કરતાં કહ્યું કે અહીંનું પૂ.શ્રીનું સ્મારક જલ્દી થાય અને માનવોના જીવનમાં પ્રભુના માર્ગે પરિવર્તન લાવનારૂં બની રહો. અહીં આવનાર માનવ એવી ચેતના પામે કે એ એક પ્રજ્વલિત દીપ સમાન બની રહે, અખંડ જલતો રહે ને પ્રેરણા પાતો રહે."

શ્રી ચંપકભાઈ શાહે આ ટ્રસ્ટ દ્વારા હાથ ધરાનાર પ્રવૃત્તિઓનો ખ્યાલ આપી, પૂ. ગુરુદેવે પોતાના હસ્તાક્ષરોમાં લખેલ 'મા સર્વેશ્વરી–એક પરિચય'-માંથી પૂ.માના ભગવતી અને દિવ્ય સ્વરૂપનો પરિચય કરાવતા ફકરાઓનું વાંચન કર્યું.

મુંબઇના સાધક શ્રી જે. વી. શાહના હસ્તે ટ્રસ્ટની પ્રવૃત્તિઓના શ્રીગણેશ સમાન રાહતના દરે વિદ્યાર્થીઓને નોટો આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો.

મૃત્યુ પછીના જીવન ઉપર પ્રકાશ પાડતાં પૂ શ્રીનાં પ્રવચનોની 'અમરજીવન' પુસ્તિકાનું પ્રકાશન આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓના દ્વિતીય સોપાન સમાનું વિતરણ જાણીતા ભાગવતકથાકાર શ્રી કિશોરભાઇ શાસ્ત્રીના હસ્તે કરવામાં આવ્યું. શ્રી કિશોરભાઈ પૂ. શ્રીના પ્રસંશક અને યુવાન વિદ્વાન કથાકાર છે; તેમજ પરદેશોમાં કથાઓ કરે છે.



વડોદરાના પૂ. શ્રીના જૂના ભકતોમાંના એક એવા શ્રી મૂળશંકરભાઈ જાનીના હસ્તે વડોદરાનો રૂા. ૮૬ હજારના માતબર ફાળાની થેલી, પૂ. શ્રીનાં શ્રીચરણોમાં અર્પણ કરવામાં આવી. આ નાણાં એકત્રિત કરવામાં શ્રી જીતુભાઇ ગાંધી અને વડોદરાના સાધકોએ સારી જહેમત ઉઠાવી છે. પૂ. શ્રીના અનન્ય ભકત એવા શ્રી શાન્તિભાઈ કનેરિયાએ નવા ટ્રસ્ટને રૂા. ૫૧,૦૦૦ ના દાનની જાહેરાત કરી. આના અનુસંધાનમાં પૂ. માએ જણાવ્યું કે આ સ્મારકના ભોંયરાના ધ્યાનખંડનું નામ શાંતિધ્યાનમંદિર રાખીશું. પૂ. શ્રીનું આ સૂચન હતું.

પ્રાસંગિક પ્રવચનોમાં શ્રીમતી કુન્દનબેન રાણા, શ્રી નારાયણભાઇ જાની, શ્રીમતી જ્યોત્સ્નાબેન ત્રિવેદી, વગેરેએ પૂ. માને દીર્ઘાયુ ઈચ્છી, નવું વર્ષ એમની સાધનાની સફળતાપૂર્વક પૂર્ણાહૂતિ લાવનારૂં થાય એવી મંગલ ભાવના પ્રકટ કરી.

શ્રી વિજયસિંહ રાણાએ સંદેશા વાંચન કર્યું. શ્રી લાલાજીએ પ્રભુભક્તિનાં સુંદર ભજનો રજુ કર્યાં અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ચંપકભાઇ શાહે કર્યું.

બપોરની બેઠકમાં શ્રી બાબુભાઇ વોરાએ અમદાવાદ કેન્દ્રના સાધકો તરફથી રૂા. ૭૬,૦૦૦ની રકમ પૂ. શ્રીના સ્મારક માટે જાહેર કરી.

ઉપસ્થિત સમગ્ર સાધક પરિવારને શ્રી જીતુભાઈ ગાંધી તરફથી ભાવપૂર્વક મિષ્ટાન્ન ભોજન જમાડવામાં આવ્યું સાધકોએ એ ભોજનમાં ભળેલ ઉત્તમભાવના સાથે એનો આનંદપૂર્વક રસાસ્વાદ માણ્યો. પૂ. માના હાથનો પ્રસાદ પણ.

બીજા દિવસે, અઢીસો ઉપરાંત સાધકો સાથે પૂ. માએ નર્મદાયાત્રાનો કાર્યક્રમ પ્રયોજ્યો. ચાર લકઝરી બસોમાં વહેલી સવારે ચાંણોદ કરનાળીના તીર્થસ્થાને સાધકો પહોંચી ગયા. દસ હોડીઓમાં સાધકો કુબેર ભંડારીના આરે ભજન-કીર્તન કરતા પહોંચી ગયા. નર્મદાના પવિત્ર તીર્થનો સ્નાનનો આનંદ સહુએ માણ્યો.

પૂ. મા સાથે હોય એટલે સત્સંગ તો હોયજ. ભગવાન શંકરની સ્તુતિ તેમજ સુંદર ભજનોના રાસમાં ફરવાનો આનંદ નાના મોટા સહુએ ખુલ્લા દિલે અનુભવ્યો. પૂ. માએ પોતાના હાથે બાળકોને પ્રસાદ આપ્યો ને નર્મદાના પવિત્ર જળનો પ્રેમભર્યો છંટકાવ સહુને.

ભજનો, ગીતો અને પ્રભુના નામની ધૂનોથી સમગ્ર વાતાવરણને મુખરિત કરતો સાધકોનો કાફલો બપોરે પાછો ફર્યો ત્યારે શ્રી જીતુભાઇ ગાંધી તરફથી શ્રી ગુરુદેવને પ્રિય એવું ખીચડી, છાશ ને શાકનું ભોજન તૈયાર હતું. પ્રભુનો પ્રસાદ માની સહુએ તે આરોગ્યો.

પૂ.માના દોઢ દિવસના સાન્નિધ્યનો રસાસ્વાદ વાગોળતા સાધકો પોતપોતાના ઘરે ફર્યા–ત્યારે પૂ. માએ ગાયેલી પેલી પંક્તિઓ સહુના કાનમાં ગૂંજતી હતીઃ–

પ્રભુપંથના અમે શેઠિયા, સર્વેશ્વરી મુનિમજી,
વેપાર કરે અમારી વતી, સફળ થશે એક દિનજી.
એક દિનજી.......



# 'વ્યસનનાબુદી માટે સક્રિય કરુણા'

સાધુ આનંદજીવનદાસ

યોગીજી મહારાજ એક વડીલ સંતના મંડળમાં વિચરણ કરતા હતા. વડીલ સંતમાં સંત કરતાં સૈનિકનાં લક્ષણ વધારે હતાં.

એક ગામમાં એક ભાઇને અફીણની ભારે લત. આ વડીલ સંતે તેના હાથમાં પાણી રેડી 'અફીણ કયારેય ન પીવુ' એવો નિયમ આપ્યો. ઉતારેથી બહાર જવાનું થયું ત્યારે પેલા અફીણવાળાને ઓરડામાં પૂર્યો અને કહ્યું 'હું આવું છું. બહાર નીકળવાનું નથી.' વડીલ સંત ભકતોના ઘરે પધરામણીએ ઉપડ્યા. પૂ. યોગીજીમહારાજ રસોઇપાણી બનાવવા ઉતારે જ રોકાયેલા.

થોડા કલાક પસાર થયા ને પેલાને અફીણની તલપ લાગી. ખૂબ જ રડારોળ કરવા લાગ્યો. બૂમબરાડા પાડવા લાગ્યો. આ બધું પૂ. યોગીજીમહારાજે સાંભળ્યું. પણ વડીલસંત જ બારણું બંધ કરીને આગળો મારીને ગયેલા. તેથી યોગીજીમહારાજ બારણું ખોલતાં અચકાયા. પેલાની પરિસ્થિતિ જોતાં હૃદય દ્રવી ઉઠયું. અંતરમાં ખૂબ દુઃખ સાલવા લાગ્યું. વડીલસંતની કડકાઇ ને અંતરની કરુણા વચ્ચે થોડીક ક્ષણ યોગીજી મહારાજે ધમસાણ અનુભવ્યું.

હવે તો યોગીજી મહારાજની કરુણા વાણી દ્વારા બહાર નીકળી આવી. તેથી એક હરિભકતને કહે 'જાઓ, અફીણ લઇ આવો ! જલદી આવજો હોં' પેલા હરિભકત દોડતા પગે

અફીણ લાવ્યા. પૂ. યોગીજી મહારાજે બારણું ખોલીને પેલા ભાઈને પાણી સાથે અફીણ આપ્યું.

વ્યસનીને અફીણથી શાતા વળી. પેલા માણસને શાતા શાતા વળી એટલે યોગીજી મહારાજને પણ હાશ થઈ.

જ્યારે વડીલસંત આવ્યા ને આ બધી વાત જાણી કે તુરત યોગીજી ઉપર ભભૂકી ઉઠ્યા ને તાડુક્યા, "સાધુ થઈને અફીણ પાવાના કામ કર્યાં ?" તે માટે યોગીજી મહારાજને માર પણ માર્યો.

પેલો વ્યસની આ બધું જોયાં કરે પણ તેનાથી આ જોયું ન જાય. તેના મનમાં ઊંડાણમાં એક ઝરો ફૂટ્યો. 'અરેરે ! આવા ગાય જેવા વત્સલસંતને માર ખાવો પડે ! અને તે મારે ખાતર ! આ મારા કાળમુખા અફીણના વ્યસનને લીધે જ ને ! તે દયાળુ ને ત્યાગી સંતે તો મને મારી શારીરિક વ્યથા જોઈને અફીણ અપાવ્યું, પણ આ અફીણના આવા પ્રહાર તો તેને સહન કરવા પડે છે ! આવું સંતને દુઃખી કરનાર અફીણ આજથી મારે ન જોઈએ. હે પ્રભુ ! મને માફ કરો આ યોગીજીને મારા બદલે માર ખાવો પડ્યો ! મને માફ કરો. હવે હું આજથી ક્યારેય અફીણને અડીશ પણ નહીં'

ત્યારથી કાયમ માટે તેનું વ્યસન ગયું તે ગયું.

કરુણાભર્યા સંત સહજતાથી વ્યસનીના વ્યસનને કેવી રીતે દૂર કરતા હોય છે ! વ્યસનને દૂર કરાવવા કેટલું કેવું વેઠતા હોય છે ! સમાજસુધારણાનો આ અભિનવ પ્રયોગ કરનાર કરુણાવીર પૂ. યોગીજી મહારાજને શતશઃ વંદન.

* * *



## સદ્‌ભાવની સહાય

કોઈપણ સત્કાર્ય પાછળ ભાવના ભળેલી હોય તો તેનું મૂલ્ય અને મહત્તા અનેકગણું વધી જાય છે. ભાવનાને સીધો સંબંધ હૃદય સાથે છે.

અધ્યાત્મને ગયા વર્ષે થોડા ગ્રાહકો ઓછા હોવાથી તેમજ જાહેરખબરો વગેરે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન થવાથી ખોટ આવી. તેમાં વળી સરકારે પોસ્ટેજના (પરદેશના) દરોમાં ઘણો વધારો કર્યાથી બધી મળી લગભગ આઠેક હજારની ખોટ ગઈ. તેને આગલાં વર્ષોના વધારામાંથી ભરપાઈ કરવામાં આવી.

પરંતુ અમારા અધ્યાત્મના આજીવન સભ્ય તેમજ પૂ. મા પ્રભુમાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવનાર શ્રી ચિંતામણિભાઈ શાહને આ વાંચીને હૃદયમાં ધક્કો વાગ્યો ! એમને થયું અધ્યાત્મને ખોટ જાય તે કેમ ચાલે ? આપણે એને મદદ કરવી જોઈએ. અને એ ખરેખર કામે લાગી ગયા. એમણે અમને લખ્યું ખોટની વાત વાંચી અમને દુઃખ થયું. અમે આ વર્ષે ગયા વર્ષની ખોટ ભરપાઈ કરી આપવા બધા જ પ્રયત્ન કરીશું. પૂ. ગુરૂદેવ અને પૂ. માની કૃપાથી અમારા પ્રયાસોમાં અમે સફળ થઈશું.

કેવી ઉમદા ભાવના ! એમણે જાહેરખબરો ને આજીવન સભ્યો બનાવીને અમને સહાય કરવાનું કામ શરૂ કરી દીધું છે. એમને ખરેખર હૃદયપૂર્વકના અભિનંદન.

તંત્રી

## ખાસ સૂચના

અધ્યાત્મના આજીવન સભ્ય અથવા લાઇફ મેમ્બર બનવા માટે રૂા. ૨૫૧ (ભારતમાં) અને રૂા. ૧૫૦૧ (પરદેશમાં) ઠરાવેલ છે. જે લોકોએ આ રકમો મોકલવી હોય તે નીચેના સરનામે મોકલવી અને તેના નામ સરનામની જાણ —તંત્રી અધ્યાત્મને ભાવનગર કરવી.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ,
C/o. શ્રી બાબુભાઈ વોરા
૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯
ચેક અથવા ડ્રાફ્ટ ઉપરના ટ્રસ્ટના નામનાજ મોકલવા.

● ● ●

## અભિનંદન

કહેવાય છે કે સત્કર્મમાં શ્રી હરિ સદા સહાય થાય છે. અધ્યાત્મના આરંભ કાળથી અમે આ ઉક્તિનો અનુભવ કરતા આવીએ છીએ.

અંબાજીમાં પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહના મેનેજર તરીકે શ્રી બાલુભાઇ રામજીભાઇ જામ્બુચા (પટેલ) કામ કરે છે. તેઓને અંબાજીમાં શ્રી દીલિપભાઇ ચાવડા, આસીસ્ટન R.T.O. ઇન્સ્પેકટરનો પરિચય થયો અને તેઓએ તેમજ તેમની ઓફિસના અન્ય કર્મચારીઓએ મળી અધ્યાત્મના લગભગ પચાસ જેટલા ગ્રાહક નોંધી આપ્યા. કેવી અણધારી અદ્દભુત સહાય! આને જ આપણે પ્રભુની લીલા કહીએ. શ્રી બાલુભાઇએ ૨૫ અને શ્રી છેલભાઈ રાવલે અંબાજી ખાતે ૯ ગ્રાહકો નોંધ્યા. સહુને અભિનંદન.



### * સ્પૃહાહીન *

જેની મોક્ષ સિવાય કોઇ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઈચ્છા પણ (હવે જેની) નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?

### * જીવરૂપી પંથી *

દેહધારી આત્મા પંથી છે અને દેહ એ ઝાડ છે. આ દેહરૂપી ઝાડમાં (નીચે) જીવરૂપી પંથી વટેમાર્ગુ થાક લેવા બેઠો છે. તે પંથી ઝાડને જ પોતાનું કરી માને એ કેમ ચાલે?

—શ્રીમદ્ રાજચંદ્ર

Space donated by:—
With Best Compliments From.—
**M/s. Gujarat Paraffins Pvt. Ltd.**
128 GIDC Industrial Estate
KALOL (N. G.) 382721 Phone : 3173

# ભક્તની પરમકોટિ

ભૂપતરાય. મો. ઠાકર 'ઉપાસક'

लाली मेरे लाल की जित देखुं तित लाल,
लाली दखन मैं गई, मैं भी हो गई लाल ।

નદી પહાડ પરથી ઝરણાના રૂપે દોડી. આ ઝરણાને ઝંખના જાગેલી-સમુદ્રને જોવાની-મળવાની. ઝરણાના જીવનમાં ઝંખનાના કારણે થોડું પરિવર્તન આવે છે. તેણે આસ-પાસ અને ચોપાસથી પોતાનામાં કશુંક ઉમેર્યું, આવકાર્યું, સ્વીકાર્યું. તેની ભક્તિમાં સ્થિરતા, ધીરતા, વિશાળતા અને ઉદારતા મળ્યાં. તે નદી બની ગયું. સૌના આદરને લાયક બન્યું. 'નદી-માતા'નું બિરુદ પણ મળ્યું.

નદીની તિતિક્ષા વધુ પ્રબળ બની. ધીરે ધીરે સાવધાનીપૂર્વક આગળ વધે છે. પોતાની પ્રીતિ અને ભક્તિનાં સિંચન કરતી રહે છે. તેને મહેરામણને મળવું છે. આખરે એક સમય આવે છે જ્યારે તે રત્નાકરમાં વિલિન થાય છે. એના વિલિનીકરણ પછી લોકો તેને ઓળખી શકતા નથી કે તે ગંગા છે, સરયુ છે, બ્રહ્મપુત્રા કે ફલકુ છે ?

एक नदिया एक नार कहावे मेलो नीर भरो,
जब दोनो मिली एक बरन भये, सुरसरि नाम परो ।

એનું નામ વિલિન થયું. તેણે અસ્તિત્વને ભેળવી દીધું. તેણે પોતાપણું ખોયું અને વિશ્વપણું મેળવ્યું. ભક્તિનું આ ફળ છે. જીવ-શિવ બને છે, ખંડ-અખંડ બને છે, પંડ, બ્રહ્માંડ બને છે. બિન્દુ આખરે સિંધુ બને છે. ભક્તિની ભવ્યતા મળે છે. પોતાના નામ અને કામની હવે તેને



ઓળખ નથી. પ્રસિદ્ધિની પરવા ખોઇ દીધી !

પોતાના અસ્તિત્વની અસ્તિ મીટાવીને આરંભેલી શોધ સફળ થાય છે. 'जिन खोजो तिन पाइयो.' જેણે સાચી શોધ આરંભી તેણે પ્રાપ્ત કર્યું. સ્વયંને જાગૃત કરે તે મેળવે. બીજાની શોધ રસ્તો બતાવી શકે, આરંભ આપણે જ કરવો રહ્યો. નદીને દોડવું પડે સમુદ્રને મળવા. સ્વયંના અહમ્‌ને ગુમાવીને પૂર્ણતા મળે. 'જે ખાલી થાય તે જ ભરાય' પોતાના દેવને પોતે જ મળવા જવું પડે.

વ્રજની ગોપીઓ લાલને જોવા દોડી...જ્યાં જ્યાં નજર માંડે ત્યાં ત્યાં ગોપાલ-કૃષ્ણ દેખાવા લાગ્યા. આખીય સમષ્ટિ ઇશ્વરમય ભળાવા લાગી. 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની' જેવી સ્થિતિ નિર્માણ થાય. પછી તો સ્વયં કૃષ્ણમય બની રહે. અદ્વૈત રચાય. આખુંય તેનામાં અને આખાય વિશ્વમાં તે ફેલાય જાય ત્યારે ભકતની પરમકોટિ અવસ્થા મળે છે. ભકત પરમહંસ બની જાય છે.

'લાલી દેખન મેં ચલી, મૈં ભી હો ગઇ લાલ !' ની એક અદ્ભુત સ્થિતિ નિર્માણ થાય છે !

અંબાજીમાં કયાં ઉતરશો ?
* 'સ્વર્ગારોહણ તીર્થમાં' *
પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
દાંતા રોડ, અંબાજી.
યાત્રા અને ઉતારાનો સુભગ
સમન્વય–એટલે સ્વર્ગારોહણ.

બુદ્ધવિચારમાં અંતર્મુખ થવાનું અને ધ્યાનસ્થ થવાનું મહત્ત્વ ઘણું છે. માણસના આંતરિક વિકાસ માટે એ જરૂરી ગણાય છે. રોજબરોજની ઘટમાળ સર્વથા બહિર્મુખી હોય છે. પરિણામે સંતુલન ખોરવાય છે. સંતુલન પ્રાપ્ત કરવા માટે અંદર ડોકિયું કરવાનું અને જંપી જવાનું જરૂરી છે. એક સોરઠી ભક્તકવિએ ગાયું છે:

મનડાં રંગાણાં વિના
ભગતિ ન ભાવે રે,
ભીતર ભેદાણા વિના
સમાધિ ન લાગે રે.

–ગુણવંત શાહ

THE NEW VINOD SILK MILLS PVT. LTd
Kasturchand Mills Estate, Dadar,
BOMBAY-400028

Phones : 430 00 68, 430 00 76, 430 00 64, 422 28 75

Most trusted name for processing of polyester acrylic polyester/viscose suitings and shirtings top dyed suitings and All varieties of synthetic fabrics. also manufacturers of various types of polyester tekturised, crimp, twisted, high twist, dyed warp and weft yarns.



# સદ્‌ગુરુ (ગુરુતત્વ) વિષે સંતોના અભિપ્રાયો

સંકલન. અધ્યાત્મ પ્રેમી

"જો સદ્‌ગુરુ હોય તો જીવનો અહંકાર કાચી ઘડીમાં નીકળી જાય. ગુરુ કાચો હોય તો ગુરુને પણ ત્રાસ અને શિષ્યને પણ ત્રાસ. શિષ્યનો અહંકાર નીકળે નહિ, તેનાં સંસાર-બંધન કપાય નહિ. કાચા ગુરુને પનારે પડ્યો શિષ્ય મુક્ત થાય નહિ."

(શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવ)

સદ્‌ગુરુ સાધકને જ્યારે પૂર્ણ અવસ્થામાં લઇ જાય છે ત્યારે દૃશ્ય જગતની પેલી બાજુના ઇશ સૃષ્ટિના અનુભવો દેખાડતા દેખાડતા તેની પણ આગળની અવસ્થામાં લઈ જાય છે. સાધકને જે ઇશ સૃષ્ટિના અનુભવો આપે છે તે કહેવાય શકે તેવા નથી હોતા, કારણ કે તે અનુભવજન્ય જ છે.

("ઉપાસની જીવનકલા"માંથી)

સામાન્યપણે સૂક્ષ્મમાં સદ્‌ગુરુ મહારાજ બધા જીવોમાં કામ કરી રહ્યા હોય તેવું ના બની શકે. આપણું દિલ જ્યારે સદ્‌ગુરુના દિલની સાથે હળીમળીને ભળીગળી ગયું હોય ત્યારે તે સૂક્ષ્મમાં કામ કરી શકે. અને તેઓ સૂક્ષ્મમાં જે તબક્કા દરમ્યાન કામ કરી રહ્યા હોય ત્યારે સ્વપ્ન ન સંભવી શકે.

જો સદ્‌ગુરુમાં સંપૂર્ણ પ્રેમભક્તિપૂર્વકના શ્રદ્ધા વિશ્વાસ પ્રકટી જાય તો જીવનમાં ઉચ્ચ ભાવના પ્રસરી શકે ને મૃત્યુ

ટાણે હરિસ્મરણ ભાવના પ્રકટે જ પ્રકટે.

(શ્રી મોટા)

ગુરુકૃપાથી આત્મોન્નતિના માર્ગમાં મદદ મળે છે, અને ઈશ્વરના સાક્ષાત્કારનો મનોરથ સહેલો બને છે. દુર્ગુણોની નિવૃત્તિ કરીને સદ્દગુણોની પ્રાપ્તિમાં તથા દુષ્કર્મોનો અંત આણીને સત્કર્મોના અનુષ્ઠાનમાં તે મદદરૂપ થાય છે. જીવનને નિર્મળ, ઉદાત્ત તથા ઈશ્વરમય બનાવવામાં તેથી મદદ મળે છે. એક રીતે કહીએ તો ગુરુકૃપા એ ઈશ્વરની અસીમ કૃપાને માટેનું પ્રમાણપત્ર કે પ્રવેશદ્વાર છે. એ થતાં ઈશ્વરકૃપા દૂર નથી રહેતી. ગુરુના રૂપમાં આવીને સૌથી પહેલા ઈશ્વર જ પોતાની કૃપા વરસાવે છે. ગુરુની કૃપાદ્વારા જે ધન, વૈભવ, મદ, પ્રતિષ્ઠા ને સાંસારિક સુખોપભોગની ઈચ્છા રાખે છે તે ભારે ભૂલ કરે છે. ગુરુની કૃપાના સાચા રહસ્યને તે નથી સમજતા. ગુરુની કૃપા કેવળ સાંસારિક સુખ સમૃદ્ધિને માટે નથી વટાવવાની, પરંતુ તેનો લાભ લઈને ઈશ્વરના સાક્ષાત્કારના મહત્ત્વના ધ્યેય તરફ આગળ વધવાનું છે. એ નથી ભુલવાનું.

ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુની મન મૂકીને સેવા કરવી જોઈએ એ તો સાચું જ છે, પરંતુ એની સાથે સાથે ખાસ ધ્યાન ગુરુના ઉપદેશ કે સંદેશ પ્રમાણે ચાલવા પર લક્ષ આપવું જોઈએ. ગુરુ જે કહે તે શ્રદ્ધા તથા પ્રમાણિકતા સાથે ઉત્સાહ ને ખંતપૂર્વક કરવું અથવા તો એમણે નિર્દેશેલા આત્મકલ્યાણના માર્ગપર આગળ વધવું અત્યંત આવશ્યક છે. આ વસ્તુ ખાસ નોંધવા જેવી છે. કેમકે ગુરુની સેવા કરવામાં આવે પરંતુ એમના સદુપદેશનું અનુષ્ઠાન કરવામાં ના આવે તો કોઈ વિશેષ હેતુ નથી સરતો. ગુરુએ બતાવેલા



માર્ગે ચાલવામાં આવે, અને ગુરુની શ્રદ્ધાપૂર્વક સેવા કરવામાં આવે, તો તેથી પ્રસન્ન થઈને ગુરુ કેટલીક વાર અનુગ્રહ કરે છે, ને અધ્યાત્મ મંદિરનાં ગુપ્ત દ્વાર ઉઘાડી આપે છે.

(મહાત્મા શ્રી યોગેશ્વરજી)

આત્મોન્નતિની સાધનામાં સફળતાપૂર્વક સુચારુરૂપે સંતોષપૂર્વક આગળ વધવા માટે કોઈક સુયોગ્ય સ્વાનુભવ સંપન્ન પથપ્રદર્શક અથવા ગુરુ જોઈએ. સ્વામી વિવેકાનંદને જેમ રામકૃષ્ણ પરમહંસદેવ મળેલા તેમ એવા કોઈ સુયોગ્ય સત્પુરુષની પ્રાપ્તિ થાય તો સઘળું કામ સહેલું બની જાય.

પણ એવા ગુરુ કાંઈ સહેલાઈથી થોડા જ મળે છે ? એમને માટે શોધ કરવી જોઈએ. શોધ કરવાથી કે ના કરવાથી ઈશ્વરકૃપા વિના એમની પ્રાપ્તિ ભાગ્યેજ થઈ શકે. અને એમની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી આગળનું કાર્ય ના જ થાય.

જીવનને જ્યોતિર્મય કરવા અને અંતરમાં આવરેલી અશાંતિમાંથી મુક્તિ મેળવીને સનાતન શાંતિના સ્વામી થવા ને પરમાત્માના સાક્ષાત્કારથી કૃતાર્થ બનવા સૌથી પહેલાં તો સદ્દગુરુને મેળવવા જોઈએ. એમના વિના જીવ પૂર્ણતાના પ્રકાશમય પથપર પોતાની મેળે આગળ ના જ વધી શકે. એવા ગુરુની પ્રાપ્તિ થઈ જાય તો વિભિન્ન વિઘ્નો, વિપરીતતાઓ, ભ્રાંતિઓ ને ભયસ્થાનોમાંથી મુક્ત રહીને આત્મિક સાધનાનો આસ્વાદ લેવાનું કામ સહેલું બને.

(ભગવાન રમણમહર્ષિ)

## મોટું જગમાં જાણજો !

આત્મ-તત્ત્વ મોટું જગમાં જાણજો ! ટેક.
અણુ-પરમાણુમાં એનો વાસ,
એનો છે પ્રકાશ;
મોટું જગમાં જાણજો ! (૧)

નિરાકાર-નિર્ગુણ તો સ્વરૂપ છે !
સારા વિશ્વનો કરે વિકાસ,
વ્યાપક છે ચોપાસ;
મોટું જગમાં જાણજો ! (૨)

ગતિ આપે સમસ્ત સંસારને !
સર્વ પ્રાણીમાં એક સમાન,
એવું છે તત્ત્વજ્ઞાન;
મોટું જગમાં જાણજો ! (૩)

સત્ય-તત્ત્વ, અનાદિ-અનંત છે !
ચિદાનંદસ્વરૂપ તો ગણાય,
વેદો 'નેતિ' ગાય;
મોટું જગમાં જાણજો ! (૪)

જાણો 'જગદીશ' નિજ સ્વરૂપ ને !
એને જાણીને સઘળું જણાય,
એમાં જ સહુ સમાય;
મોટું જગમાં જાણજો ! (૫)

—જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)



# એક રોમાંચક યાત્રા (૩)

નારાયણ હ. જાની

અમે સાંજે પ્રાર્થના કરી સહુ વહેલા સૂઇ ગયા, કારણ કે અમારે બીજે દિવસે પશુપતિનાથનાં દર્શન કરીને સવારે નવ પહેલાં અરોડ્રોમ પહોંચવાનું હતું.

તે દિવસ શનિવારનો હતો. દર શનિવારે ખટમંડુમાં જાહેર રજા હોય છે; આપણા રવિવારની જેમ. એટલે સ્થાનિક લોકો ખૂબ મોટી સંખ્યામાં મંદિરમાં દર્શન માટે આવે; એની પ્રતીતિ અમોને મંદિર પાસે પહોંચતાંજ થઇ.

ઘણી બધી મોટરો આજે અહીં પાર્ક થયેલી હતી. મંદિરમાં પહોંચ્યાં તો ખૂબ ભીડ. બધા માંડમાંડ પ્રભુનાં દર્શન કરી શકયા, ન કરી શકયા તેમણે મનોમન પ્રાર્થના કરી લીધી કે હે પ્રભુ ! આટલી ભીડમાં હું તારૂં દર્શન કેમ પામી શકું ! પણ તું તો અંતરયામી ને સર્વવ્યાપક છે. મારા બહારથી કરેલા પ્રણામ સ્વીકારી લેજે. અમને એ વાતનો સંતોષ હતો કે આગલા દિવસે અમને શ્રી પશુપતિનાથ ભગવાનનાં દર્શન ખૂબ સરસ રીતે ધરાઇ ધરાઇને બેત્રણ કલાક સુધી થયાં હતાં. એટલે મનમાં એનો કોઇ વસવસો ન હતો.

પશુપતિનાથના મંદિરથી એરોડ્રામ બેએક કિલોમીટર જેટલુંજ દૂર છે.

એરોડ્રામ પરની વિવિધ તપાસોમાંથી પસાર થઇને અમે અમારા વિમાનની પ્રતીક્ષા કરતા આરામકક્ષમાં બેઠા. હવે બહાર વરસાદ જોરથી મંડાયો હતો. બસો ફુટ છેટેની વસ્તુઓ દેખાતી ન હતી, જે ઝાડો ને ટેકરીઓ ખુલ્લા દિવસે

દેખાતી તે હવે સાવ દેખાતી બંધ થઇ ગઇ હતી. જે વિમાન દિલ્હીથી આવે, તેજ કલકત્તા જશે–એમ અમને તપાસ કરતાં જણાયું. વિમાન આવવાનો ને પછી ઉપડવાનો સમય પણ ક્યારનો પસાર થઇ ગયો! પરંતુ એના આવ્યાં-ના કોઈ એંધાણ અમને જણાયાં નહિ. એરોડ્રામનો આરામ-કક્ષ પ્રમાણમાં નાનો હતો અને બેત્રણ ફ્લાઈટના મુસાફરો એક સાથે ભેગા થઇ ગયેલા. એટલે બેસવાની જગા પણ ન રહી.

અમે પૂ. માની આસપાસ બેઠેલા હતા. અમારી ચિન્તા એ હતી કે બપોરે કલકત્તા પહોંચીને અમારે રાત્રે જ જગન્નાથપુરી જવાનું હતું. અમારી ટિકિટો રીઝર્વ કરાવેલી હતી. એટલે પૂરી એક્સપ્રેસમાં નીકળવાનું હતું.

પૂ. માએ અમારી આ ચિન્તા જાણી કહ્યું. ‘એમાં ચિન્તા કરવાની જરૂર નથી. આપણે તો ગુરુદેવનું સ્મરણ કે ચિન્તન કરીએ. ચિન્તા તો આપણી એ કરે છે. એની અનુમતિથીજ આપણે અહીં આવ્યા છીએ. એટલે એમને યાદ કરો.’ આથી અમે સહુ યોગેશ્વર બાવની બોલવા માંડ્યા ને તે પૂરી થતાં મનોમન પ્રાર્થના પણ કરવા લાગ્યા. હજી બહાર વરસાદ પડતો હતો; પરંતુ એની તીવ્રતા કંઈક ઓછી થયેલી જણાતી હતી.

કુદરતનાં જે પરિબળો ઉપર, આપણો કાબુ નથી, તે માટેની આપણી ચિન્તા શું કામ લાગે? પૂ. માની એ વાત સાવ સાચી હતી. છતાં મનુષ્ય–સ્વભાવ પ્રમાણે અમને ચિન્તા થાય એ સહજ હતું.

એ વખતે એક વિમાન રન–વે ઉપર ઉતર્યું. એ કયી ફ્લાઇટનું છે, તેનો સંતોષકારક જવાબ અમને ન મળ્યો. એટલે અમે બધા પાછા બેઠા. કોઇ કહે તે પટણા જશે તો કોઇ કહે કે બનારસ. આખરે દસેક મિનિટ પછી જાહેરાત થઇ કે તે



વિમાન કલકત્તા જઇ રહ્યું છે. એટલે અમે બધા શ્રી પશુ-પતિનાથની જય, શ્રી યોગેશ્વર ભગવાનની જય. બોલાવી વિમાનમાં ગોઠવાયા. હવે અમને થોડી નિરાંત વળી. પરંતુ હજુ અમારા ભાગ્યમાં ખટમંડુથી તુરત ઉપડવાનું લખ્યું ન હતું. હવામાન ખરાબ હોવાના અહેવાલો હજું મળતા હોવાથી, વિમાન રન–વે ઉપરજ પડી રહ્યું. ને બીજી જાહેરાત થાય ત્યાં સુધી પેસેન્જરોને વિમાનમાંજ બેસી રહેવાની સૂચના અધિકારીઓએ આપી.

ફરી પાછી અમોએ પ્રભુને પ્રાર્થના કરવા માંડી, એ સિવાય અમે બીજું કરી પણ શું શકીએ! છેવટે કલાક પછી અમારૂં વિમાન ઉપડવાની સૂચના સાંભળતાં અમે ભગવાન પશુપતિનાથનો ફરી જયકાર બોલાવ્યો. હજી ધીમો ધીમો વરસાદ ચાલુ હતો, રન–વે ઉપરથી જ્યારે વિમાને ટેકઓફ કર્યું ત્યારે અમારા ઘડિયાળમાં એક વાગ્યો હતો. અમારે પૂરા ચાર કલાક એરોડ્રોમ પર પ્રતીક્ષા કરવી પડી હતી. એમાં જે અનિશ્ચિતતાની ઘડીઓ હતી–વિમાન આવશે કે કેમ–અને આવશે તો જશે કે કેમ–એ માનસિક રીતે થકવી નાખનારી હતી.

વિમાન ઉડ્યા પછી પણ અમારે અમારા પટ્ટા બાંધી રાખવાની સૂચના અમોને મળી. અમે જોઇ શક્યા કે બહાર વાદળો અને પવન–બન્નેનો અવરોધ વિમાનના ઉડ્ડયનમાં નડતરરૂપ બનતો હતો, કારણ કે વિમાન થોડી ઉંચાઈ પકડી–વળી પાછું નીચે ઉતરતું અનુભવાતું. એથી કેટલાક પેસેન્જરોને પેટમાં એક પ્રકારનું દર્દ થતું. આવું લગભગ અડધો કલાક ચાલ્યું. તે પછી જાહેરાત થઇ કે હવે આપણે ભયમુક્ત છીએ. એ સાંભળી અમારા જીવ હેઠા બેઠા. પ્રભુનો અમે મનોમન આભાર માન્યો. ખરાબ હવામાનના ખતરાનો અમને કોઇ

અનુભવ ન હતો. કેટલીક વખત ખતરાને યોગ્યસ્વરૂપમાં ન જાણુતા હોઇએ, એ પણ આશીર્વાદરૂપ બને છે, એની પ્રત્યક્ષ પ્રતીતિ અત્યારે અમોને થઇ.

વિમાન કલકત્તાના હવાઇ મથકે ઉતર્યું. ત્યારે અમારી ઘડિયાળમાં અઢી વાગ્યા હતા. અમે ભગવાન પશુપતિનાથની તેમજ ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની કૃપાથીજ કલકત્તા સુખરૂપ પાછા ફરી શકયા હતા. કલકત્તા ઉતર્યા પછી જાણુવા મળ્યું કે અમારા વિમાનના ઉપડ્યા પછી ખડમંડુથી બીજું કોઇ વિમાન તે દિવસે ખરાબ હવામાનને લીધે ઉડી શકયું ન હતું. એ સાંભળીને પ્રભુએ અને પૂ. માના સાન્નિધ્યે અમારા ઉપર વરસાવેલી ગેબી કૃપાની યાદથી અમારાં સહુનાં હૃદય વધારે કૃતજ્ઞી બન્યાં.

વિમાનમાંથી અમે છેલ્લા ઉતર્યા. પૂ. માએ સૂચના આપેલી કે ધક્કાસુક્કી કરી ના ઉતરશો. કલકત્તાના હવાઇ મથકે પણ સારી એવી ચકાસણી થતી અમે જોઈ. જો કે અમારે તો કોઇ ભય રાખવાનું કારણ જ ન હતું કારણ અમે ખાસ કંઇ લાવ્યા ન હતા.

મુખ્ય ચકાસણી અધિકારી પાસેથી પસાર થઇ અમે બહાર નીકળતા હતા, તો ત્યાંના એક સિપાઇને થયું "લાવ, આમને જરા તપાસી લઇએ. કંઇક હશે તો થોડા પૈસા કાઢશે. ગુજરાતીઓ છે, એટલે કંઇક તો લાવ્યા હશે જ."

આમ વિચારી એ ભાઇએ અમારો સામાન અટકાવી અમને ફરી પાછા પેલા તપાસણી અધિકારી પાસે લઇ ગયા. પરંતુ એ અધિકારી સીધા હતા. એણે પેલાને સૂચના આપી. એ લોકકુ જાને દો, કયું વાપીસ લાયા! દેખતા નહિ એ સબ યાત્રાલુ હૈ!



પેલા ભાઇએ અમને ન છૂટકે કચવાતે મને જવા દેવા પડ્યા. અને અમને પ્રભુએ વિના કારણુની હેરાનગતિ તથા ખોટીપામાંથી બચાવ્યા.

આમ અમારી એક રોમાંચક યાત્રા સુખરૂપ પૂરી થઇ. પૂ. મા જો અમોને આ રીતે લઇ ગયાં ન હોત તો કદાચ અમારામાંના ઘણા બધા આ જીવનમાં ભગવાન પશુપતિ નાથનાં દર્શનથી વંચિત રહી જાત.

અમારી આ યાત્રામાં શ્રી શાન્તિભાઇ કનેરિયા હતા. તેઓ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરમ ભકત તેવાજ પૂ. માશ્રી સર્વેશ્વરીના પણ. તેઓ ધની અને સુખી હોવા છતાં, ખૂબ સરળ, સાદા ને કોઇપણ પરિસ્થિતિને અનુકૂળ થવાની ક્ષમતા ધરાવતા મહાનુભાવ. એમના આ બધા ગુણોનું યથાર્થ દર્શન અમને આ યાત્રામાં થયું. શ્રી શાન્તિભાઇ જમીન ઉપર આરામથી સૂઇ શકે. અદ્ભુત–કેવી અદ્ભુત સમતા!

એવાજ બીજા મહાનુભાવ શ્રી વિનુભાઇ અમીન યાત્રા દરમ્યાન એ અમારા કેશિયર. યાત્રામાં કયાં કયારે કેવી રીતે જવાનું, અમારે કંઇ ચિન્તાજ નહીં તેઓને શ્રી ભોજાણી-ભાઇ બધી વ્યવસ્થા કરે. કોઈ સ્થળે મજુરી કે ભાડુ ચૂકવવાની અમારે શિરે કોઇ ઝંઝટજ નહિ. કેવું સરસ! શ્રી વિનુભાઇને લીધે યાત્રામાં અમો સહુને ઘણી રાહત રહેતી. અમારે કરવો જોઇતો શ્રમ શ્રી વિનુભાઇ પ્રેમપૂર્વક ઉઠાવી લેતા. પછી ભલે એમને હિસાબ મેળવવા ઘણીવાર કલાક બે કલાક મહેનત કરવી પડતી. આમ અમારી આ યાત્રા ખૂબ સુખરૂપ બની. ભગવાન પશુપતિનાથનો જય હો! પરમ પૂ. ગુરુદેવનો જય હો. પૂ. માશ્રી સર્વેશ્વરીનો જય હો.

—※—

## પરમ વંદનીય સર્વેશ્વરી માને ચરણે

(ભુજંગી)

તમે સત્ય રાહી, તમે દિવ્યપંથી,
તમે સંયમી ને મહા વ્રતધારી;
તમે ધર્મ રાહે તમે દિવ્ય પંથે,
સદા ધ્યાનયોગી થઈને વિકાસો.

તમે છો સદા સાદગીને વરેલાં,
તમે છો હંમેશા તપસ્વી અનોખાં;
તમે છો સદા હેતકારી જ જ્ઞાની,
તમે છો સદા ભોમિયા તો અમારા.

સદા સ્નેહ દૃષ્ટિ તમારી જ હોજો,
અમારી જ નૌકાતણા છો સુકાની,
અમોને જ દોરો સદા ઊર્ધ્વ રાહે;
સદા દિવ્ય પંથે ખુદાની સમીપે.

તમારી દુવા હો અમોપે સદાયે,
તમારી જ આશીષ હોજો હંમેશા;
તમારી સહાયે થશે દૂર વિઘ્નો,
તમારે સહારે થશે ધ્યેય સિદ્ધિ.

"મધુરમ"



## જરા હું યાદ કરી તો લઉં !

તમારું શુભ મિલન થાશે મને ન્હોતી ખબર જરીયે,
ચઢે ગુમાન કેરો કેફ પહેલાં શિર ઝૂકાવી લઉં !

ગળે માળા થઇ કદીયે શક્યું સોહી ન દુર્ભાગી,
કુસુમ કાયાતણું કરમાય પ્હેલાં તે ચઢાવી દઉં !

તમારા શુભ ચરણ કમળે બની પૂજારી સાચો હું,
હૃદયની શુદ્ધિકાજે તો રસમ સર્વે સજાવી લઉં !

તમે ગેબી થઈ ફોરમ રહ્યા પ્રસરી સતત સુંદર,
જગત જાણે તે પહેલાં હું ગુણો મસ્તીથી ગાઇ લઉં !

હિમાલયના શિખર જેવા દુર્ગમ કૈં ચઢાણોને,
ચઢીને પણ નમ્યા તેની જરા હું યાદ કરી તો લઉં !

ઈશ્વરભાઇ પરમાર્થી



સૌ ધર્મનો એકજ સાર -
શાંતિ, સુમેળ, એખલાસ!
કોમી એકતા એ જ માનવધર્મ!

## * વિચારની આવશ્યકતા *

જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે; અને વિચારને વૈરાગ્ય ( ભોગ પ્રત્યે અનાસક્તિ ) તથા ઉપશમ ( કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ ) એ બે મુખ્ય આધાર છે.

—શ્રીમદ્ રાજચંદ્ર



Space donated
With Best Wishes From...

**M/s. Dhiraj Can Co. Pvt. Ltd.**

: Mfg. of :
TIN-CONTAINERS

ANKLESHWOR



# એક આધ્યાત્મિક અનુભવ

કલ્યાણરાય હરિદાસ છાયા

ફૂરસદનો સમય હતો. બે મિત્રો આવ્યા હતા. ફરવા જવાની સ્વાભાવિક ઇચ્છા થઈ. ઉપડ્યા. ગામનાં પાદરમાંજ નદી હતી, ત્યાં આવ્યા અને કાંધે કાંધે ચાલવા લાગ્યા.

સાંજનો શાન્ત સમય હતો. પવન મંદ મંદ વાતો હતો. અમે પ્રસન્ન હતા. બાજુના નદીના પટપર નજર પડી. એક પાણીનો એકો જતો હતો. તેના પૈડાં રેતીમાં મધુર રવ કરતાં ફર્યાં જતાં હતાં. તેની પાછળ 'સકટનો ભાર તાણતું હોય તેમ એક કુતરા જેવું પ્રાણી ચાલ્યું જતું હતું. કેમજાણે, શાનેપણ આ પ્રાણી મને ભાસ્યું નહિ. તે કુતરા જેવું હતું પણ કુતરું ન હતું. તેની આકૃતિ લંબાતુ અને છેડે ગાંઠાવાળું થતું મોઢું. તે શાન્ત ચાલ્યું જતું હતું છતાં તેની ભયંકરતા સિદ્ધ થઇ. હું જરા ભયભીત બન્યો. મારા માટે નહિ, પણ પેલા ગાડીવાળા માટે. હું એ ગાડીવાળાને ચેતવવા કે બચાવવા તે દિશામાં દોડયો. ત્યાં તો પેલી આકૃતિ મારી તરફજ વળી ! અને ખુન્નસ ભર્યો હુમલો કર્યો. મને થયું કે થઇ તો ભારે, પણ હિમત હારે ચાલે તેમ ન હતું. નદીની મધ્યમાં એક પીપળાનું ઝાડ હતું તેની નીચે કૂવો હતો, ત્યાં બૈરાંઓ કપડાં ધોતાં હતાં. હું મારા બચાવ માટે તે તરફ દોડ્યો. પેલી ભયંકર આકૃતિ પણ મારી પાછળ જ થઇ.

આ પીઆવા પાસે આવી મારા બચાવ માટે હું એકદમ વૃક્ષ પર ચડી ગયો અને મને ભયમુકત માનવા લાગ્યો પણ હું ભયયુકત જ હતો. પેલી આકૃતિ મને લક્ષીનેજ તે

વૃક્ષ નીચે આવી, એટલે જ પતે તેમ ન હતું. તે વૃક્ષ ઉપર ચડવા લાગી. હવે ? હવે શું ? હવે પેલા ગજેન્દ્રની જેમ 'જવભર સૂંઢ રહી જલ ઉપર તબ હરિ નામ પુકાર્યો' નાથ ! બસ એમજ. 'રામ' એ શબ્દોચ્ચાર થયો અને તેની સાથેજ બધુ અદશ્ય ! અને 'રામ' નામના ઉચ્ચારથી થતા રોમાંચ અનુભવથી જાગી ગયો. અને આ અનુભવ સ્વપ્ન છે એમ સિદ્ધ થતાં પાછો નિંદ્રાધીન થયો.

આ હકીકત સ્વપ્ન છે છતાં એટલીજ વાસ્તવિક છે. શું આ સત્ય દેખાતું જગત પણ સ્વપ્ન નથી ? છે જ. ત્યારે શું આ જગત સ્વપ્નનો પણ પ્રભુનામના પ્રતાપે ભ્રમ દૂર થતાં આવોજ સંતોષ-આનંદ થતો હશે ? જરૂર, એજ બ્રહ્માનંદ ! ત્યારે રટિયે રામનામ અને માનીએકે' ઈશ્વર છે. ईश्वरेण भूयते.

શ્રી યોગેશ્વર કૃપા.
સંદિપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મે.દી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# આપ્ત ઇશારા

મમતા પી. ભાટીયા

यदिदं मनसा वाचा चक्षुर्भ्यां श्रवणदिभिः ।
नश्वरं गृह्यमाणं च विद्धि माया मनोमयम् ॥

"જે કંઇ મનથી વિચારવામાં આવે છે, વાણી, શ્રવણ નેત્ર આદિ ઇન્દ્રિયો દ્વારા અનુભવવામાં આવે તે બધું જ નાશવાન્ છે, મનનો વિલાસ છે, માયા માત્ર છે."

આ જ વાત તુલસીદાસજીએ પોતાની ભાષામાં કહી છે.
देखिये सुनिये गुनिये मन मांहि, मोहमूल परमारथ नांहि ।

જે કંઈ જોવામાં આવે છે, સાંભળવામાં આવે છે, મનમાં વિચારવામાં આવે છે, બુદ્ધિના નિર્ણયમાં આવે છે, ઇન્દ્રિયોની પકડમાં આવે છે, સમજની જકડમાં આવે છે. તે બધું અજ્ઞાનથી સત્ય ભાસે છે. બાકી છે બધું સ્વપ્ન. પોતાના સ્વરૂપની ખબર નથી તેથી જીવ ભટકી ભટકીને જીવન ખોઈ નાખે છે.

સમજુ લોકો સમજે છે કે શરીર કેવું નશ્વર છે. ઘડપણ આવતાં પહેલાં જ તેઓ જુવાનીને વિષય ભોગોમાં ન રગદોળતાં પરમાત્મામાં લગાવી દે છે. તેઓ આગ લાગે ત્યારે કૂવો નથી ખોદતા, પહેલેથી જ તૈયારી રાખે છે. રાત્રે ખોં...ખોં....ખાંસી આવે ને કુટુંબીજનો બોલે કે 'આ ડોસો હવે મરી જાય તો સારુ" એ પહેલાં જ તે પોતાના અહંકારને મારી નાખે છે. પોતાની વાસનાઓને હણી નાખે છે. ચહેરા ઉપર ઘડપણની કરચલીઓ પડે, મોં પોપલું થઇ જાય

તે પહેલાં જ એ પોતાનો અસલી ચહેરો જોઈ લે છે. વાળ સફેદ થાય એ પહેલાં જ એ પોતાનું હૃદય સ્વચ્છ કરી લે છે.

વૃદ્ધાવસ્થામાં અનેક રોગો આવીને ઘેરી લે છે. મિત્રો, સંબંધીઓ અને પોતાનાં બધાં પારકા થવા લાગે છે. પોતાની આવી કફોડી હાલત થાય તે પહેલાં જ વિચારવંત પુરુષ સંસાર સાગર તરી જવા માટે જ્ઞાનના તુંબડા બાંધી લે છે. વિવેકવાન પુરુષ પરમાત્માનો થઇ જવા માટે પુરુષાર્થ કરી લે છે.

જેમ અજગરનું ઓશીકું બનાવી કોઈ આરામ કરવા નથી ઇચ્છતું, અગ્નિને આલિંગન આપવા કોઇ તૈયાર નથી થતું. ઉલટી કરેલા અન્નને કોઈ ફરીથી ખાવાની ઈચ્છા નથી કરતું, તેમ વૈરાગ્યવાન સાધક વિષય સુખોની ઇચ્છા નથી કરતો. વાહ વાહની ઇચ્છા નથી કરતો, ધનની ઇચ્છા નથી કરતો. એને તો સતત એ જ લગની લાગી હોય છે કે બસ પરમાત્માને કેમ કરીને પામું ? કેટલાય જન્મોમાં કીટ બન્યો હતો, કેટલાય જન્મોમાં વાનર બન્યો હતો, કેટલાય જન્મોમાં દેવતા બન્યો હતો, પણ શાંતિ કયાંય ન પામ્યો. હવે પરમાત્મામાં જ સાચી શાંતિ મળશે.

ચહેરો કદરૂપો થઈ જાય, પગ લથડવા માંડે, હાથ કંપવા લાગે, રોગો ઘેરી લે તે પહેલાં વિચારવાન સજ્જન પરમ નીરોગી આત્માને જાણી લે છે. લોકો ખભે ચડાવીને મશાણે પહોંચાડે એ પહેલાં એ પોતાના મનને આત્મામાં પહોંચાડી દે છે. મિત્રો મોં ફેરવી લે એ પહેલાં એ પોતાનું મોં પરમાત્મા તરફ ફેરવી લે છે.

ડાહ્યો માણસ કુતરાની ખાલમાં પડેલી ખીર ખાવાની ઇચ્છા નથી કરતો. એમ વિચારશીલ પુરુષ ફરીથી ગર્ભમાં



ઊંધાં લટકવાની ઇચ્છા નથી કરતો. સર્પના મનમાંથી જેમ જન્માંતરનું વેર નષ્ટ નથી થતું. તેમ પૂર્વ જીવનના દુઃખોનું, સ્મરણ રાખીને વિવેક વૈરાગ્યવાન સાધક ફરીથી જન્મ લેવો ન પડે તે માટે જીવનનો અંત આવે તે પહેલાં જ પુરુષાર્થ કરી લે છે. આંખમાં પડેલ રજકણ સતત ખટકયા જ કરે છે તેની વેદના સહન નથી થતી. શસ્ત્રના જખમમાં ભાલાનો ઘા સહન નથી થતો તેમ જન્મ–મૃત્યુ–જરા–વ્યાધિના દુઃખો વિવેકી પુરુષને સહન નથી થતાં. તેનામાં વૈરાગ્યનો અગ્નિ પ્રગટી ઉઠે છે કેઃ

'અરેરે ! હું મૂત્રદ્વારમાંથી પસાર થયો છું, રક્ત અને પરુના ખાડામાં દુર્ગંધવાળા જળથી હું પોષાયો છું, કોમળ ચામડી પર અસહ્ય વેદના સાથે હું જન્મ્યો છું, માતાનું સ્તનપાન કરતી વખતે માતાનો પરસેવો મારા મુખમાં ગયેલો છે. જેના કારણે આવો જન્મ થાય છે એ કર્મો હું ફરીથી નહિ કરું.'

अनपेक्षः शुचिर्दक्षः उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥

'જે પુરુષ અપેક્ષાથી રહિત, અંદરથી અને બહારથી શુદ્ધ, ચતુર, પક્ષપાતથી રહિત અને દુઃખોથી છૂટેલો છે તે સર્વ આરંભોનો ત્યાગી મારો ભકત મને પ્રિય છે.'

અપેક્ષાઓ ન કરો, કોઈનું ધન, સામ્રાજય, કોઇનું ઐશ્વર્ય જોઈને તે મેળવવાની ઈચ્છા ન કરો. કેમ કે મન સત્ય સંલ્કપ છે. પાછા એ અવસ્થામાં જવું પડશે, ફરીથી જન્મવું પડશે, ફરીથી મરવું પડશે. માટે, દક્ષ થવું જોઈએ. જેવાં તેવાં કર્મો કરીને પોતાને બંધનમાં ન નાખો. કર્મ

એવાં કરો કે જેથી કર્મોની જે જાળ બનાવી છે તે કપાઈ જાય. પહેલાં કરેલા સંકલ્પોનું જ રૂપાંતર અત્યારે અમે છીએ. કંઈજ થવાની ઇચ્છા ન કરો. સતત સાવધાન રહીને એ આત્મ-પદને જાણી લો. જેમ સમજુ માણસ સમુદ્રનું જલપાન કરવા નથી ઇચ્છતો, તેમ વિવેકી સાધક ઇન્દ્રિયોનો ભોગ નથી ઇચ્છતો. જેમ ચૂનાના લાડૂ દેખાવમાં માખણના પિંડ જેવા લાગે છે, પરંતુ ખાવાથી મૃત્યુ થાય છે, તેમ વિષયો સુખ-દાયી લાગે પરંતુ ભોગવવાથી બળ, બુદ્ધિ, તેજ, તંદુરસ્તી આયુષ્ય નષ્ટ થઈ જાય છે.

વૃદ્ધાવસ્થામાં મન ચંચળ થઈ જશે, ધૈર્યવિનાનું બની જશે એમ જાણતો હોવાથી વિવેકી પુરુષ વૃદ્ધાવસ્થા આવતાં પહેલાં જ શાસ્ત્રો અને સંતોના ઉપદેશનું મનન કરી લે છે. પગ શિથિલ થઇ જાય એ પહેલાં જ તે તીર્થયાત્રા કરી લે છે, સત્સંગ માટે સંત-મહાત્મા–સદ્ગુરુના દ્વારે પહોંચી જાય છે. કાન બહેરા થઈ જાય એ પહેલાં જ તે બ્રહ્મવિદ્યા સાંભળી લે છે. ઘડપણમાં આંખોના નૂર બૂઝાઈ જાય એ પહેલાં જ તે દેવદર્શન કરી લે છે. સત્શાસ્ત્રોનું વાચન કરી લે છે. સંત-મહાત્માઓના દર્શન સ્પર્શનાદિ કરીને આત્મ-શાંતિ પામી લે છે. વાણી બંધ થાય એ પહેલાં જ ઈશ્વરના ગુણાનુવાદ ગાઇ લે છે. હાથ કમજોર થાય એ પહેલાં જ દાનધર્મ કરી લે છે. સંત, ફકીર, અભ્યાગતોને જમાડી લે છે, હોંશે હોંશે સદ્ગુરુની સેવા કરી લે છે. વૃદ્ધાવસ્થામાં બુદ્ધિ અસ્થિર અને ગ્રહણશક્તિ હીન થઇ જાય એ પહેલાં જ તે યુવાવસ્થામાં બુદ્ધિને ધ્યાનમાં સ્થિર કરી દે છે. આત્મા-માં પ્રતિષ્ઠિત કરી દે છે. ઘડપણ રૂપી આગ લાગતા પહેલાંજ તે જ્ઞાન રૂપી કૂવો ખોદી લે છે.



વિચારવંત પુરુષ તારુણ્યના ભોગવિલાસમાં સમય તથા શક્તિ બરબાદ ન કરતાં તેને આત્મ-કલ્યાણ સાધવામાં લગાડી દે છે. શરીરથી વિયોગ થાય એ પહેલાં જ ભાગ્ય-વંત પુરુષ આત્મયોગ સાધી લે છે. વિવેકી સાધક કાળરૂપી ચોર સર્વસ્વ લૂટી લે તે પહેલાં જ કદી ન લૂટાય એવા આત્મધનને પ્રાપ્ત કરવા માટે પોતાના નશ્વર ધનનો ઉપયોગ કરી લે છે. સુજ્ઞ પુરુષ જીવન જ્યોત બુઝાય તે પહેલાં જ આત્મ-અનાત્માનો વિવેક કેળવીને જ્ઞાન પામી લે છે. ભવિષ્યમાં જરા અને મૃત્યુ આવવાના છે. એમ જાણીને જ્ઞાનનું કવચ પહેરી લેવાથી યથાકાળ આવનાર જરા અને મૃત્યુથી હાનિ નથી થતી. સાધક દુઃખ, વિપત્તિ અને શોકના કારણરૂપ દેહના સ્નેહને ત્યાગીને ઉદાસીન વૃત્તિથી રહે છે. ઉદાસીન એટલે કે બેદરકાર નહિ. उत् એટલે ઊંચે आसीन એટલે આસનસ્થ. સૌથી ઊંચે જે આસનસ્થ થયો છે અર્થાત્ પરમાત્મા–પરબ્રહ્મમાં જેની સ્થિતિ થઈ છે તે ઉદાસીન છે.

સાધક વિવેકવાન હોય છે. આખા જગતને નશ્વર સમજી એ પોતાના ચિત્તને પરમાત્મામાં લગાડે છે રામાયણનાં કેવાં સચોટ વચનો છેઃ

गो गोचर जहं लगीमन जाई, सो सब माया जानो भाई।

ગો એટલે ઇન્દ્રિયો. ગોચર એટલે ઈન્દ્રિયો દ્વારા પહોંચનો વિસ્તાર. ઇન્દ્રિયો દ્વારા મન જ્યાં સુધી જાય છે તે બધું જ માયા છે. માયા એટલે ભ્રમ. या मा सा माया। જે નથી છતાં દેખાય તે માયા. માયાની ભ્રમણામાં જીવન ગુમાવનાર વ્યક્તિઓથી બચીને પોતાના જીવનને ધન્ય બનાવનાર સાધકોનો સંગ કરજો. મૂરખ ન બનશો, સાધક બનજો જેવો સંગ હોય તેવો રંગ લાગે છે. સંગ કરવો તો ગુરુભક્તનો

કરવો, સાધકનો કરવો અથવા અંતર્યામી આત્માનો કરવો નહિ તો અસંગ રહેવું.

જેમની પાસે સાધન છે, ખાવા ભોજન મળી જાય છે, રહેવા મકાન કે ઝૂંપડી છે છતાં જે ધ્યાન નથી કરતા, સાધના નથી કરતા, ઈશ્વરાભિમુખ નથી થતા તેઓ અભાગિયા છે. સમય વહી જશે ને વાત રહી જશે. પછી પસ્તાશે, અને પસ્તાઈ પસ્તાઈ ને મરશે. મર્યા પછી પણ શાંતિ નહિ થાય. પ્રેત થઈને ભટકાશે. ભૂત થઈને ભમશે, બ્રહ્મરાક્ષસ થઈને રહેશે. તે વખતે માની મમતા ત્યાં પહોંચશે નહિ. બાપની છાયા શાંતિ આપશે નહિ. (ક્રમશઃ)


મારું સૌથી અસરકારક શસ્ત્ર એ મૂક પ્રાર્થના છે.

My Greatest Weapon is Mute prayer.

—Mahatma Gandhi

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૨
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન

"સત્યવાન" તથા "ચંદન"

૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨




# સાધન નિર્માણ

સંકલનઃ-ઈશ્વરભાઈ એમ. શાહ

(પ. પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી)

આ વાત સાધન કયું પસંદ કરવું તેજ મોટા ભાગના સાધકો જાણતા નથી. હરઘડીએ સાધન બદલ્યા કરે છે. અને જીવન પૂરું કરે છે.

આમ તો ઈશ્વર સાથે અભિન્નતા પ્રાપ્ત કરવા લાખો સાધનો છે. બધાંજ સાધન આદરણીય તથા માનનીય છે. પણ તમને કયું સાધન માફક આવશે, તેની પસંદગી દરેકની વ્યક્તિગત હોય છે. હા–ગુરુના સહવાસમાં તમે વધુ રહો, તો ગુરુ જાણી લે છે કે આ સાધન તમારા માટે યોગ્ય છે. પણ ખરેખર તો સાધન તમારે જાતેજ પસંદ કરવું જરૂરી છે.

સાધન પસંદ કરવામાં દરેકની રૂચિ અને યોગ્યતા દરેકે પોતાનું નિરીક્ષણ કરી જાણી લેવાં.

રૂચિ એટલે (૧) તમને કર્મ કરવાં ગમે છે. (૨) તમને કર્મ કરવાં ગમતાં નથી. (૩) તમને શાસ્ત્રો વગેરે વાચવામાં રસ છે. (૪) તમે ભાવ પ્રધાન છો. આ ચારમાં કઈ રૂચિ છે, તે જાણી લેવું.

યોગ્યતા એટલે (૧) ક્રિયાશક્તિ (૨) જ્ઞાનશક્તિ અને (૩) ભાવશક્તિ. આ ત્રણમાં કોની પ્રધાનતા વધુ છે. આમ તો માનવ માત્રમાં આ ત્રણેય શક્તિ તો છેજ, વત્તા ઓછા પ્રમાણમાં હોય એટલુંજ.

રૂચિ અને યોગ્યતા પ્રમાણે તમે તમારૂં નિરીક્ષણ કરી સાધન નિર્માણ કરો.

હવે આ સાધન નિર્માણ કર્યા પછી, આ ત્રણ વાત હોવી જરૂરી છેઃ- (૧) નિસ્સંદેહતા (૨) અટલ વિશ્વાસ અને (૩) સ્વાભાવથી રૂચિ.

ઉપરોક્ત ત્રણ વાત સાધનમાં હશે તો સાધન તમારૂં જીવન બની જશે.

હાલ તમે સાધન તો પસંદ કર્યું છે. સાધન વિના કોઈ રહીજ ન શકે. હાલ તમારૂં સાધન છે. (૧) પૈસા કમાવા (૨) કુટુંબના સભ્યો સાથે રહેવું. અને (૩) ભોગો ભોગવવા. આ ત્રણમાં ઉપરોક્ત ત્રણવાત ((૧) નિસ્સંદેહતા (૨) અટલ વિશ્વાસ અને (૩) સ્વાભાવથી રૂચિ) છેજ. એટલે તમારૂં જીવન અને તમારૂં સાધન એક લાગે છે. એક લાગે પછી તેમાં ફેરફાર કરવાનો પ્રશ્નજ નથી રહેતો.

આ કારણે તમે રોજ સત્સંગરૂપી સાધનમાં આવો છો, છતાં પેલું સંસારિક સાધન (પૈસા કમાવા વિ.) જે જીવન છે તે છોડવા વિચારજ નથી થતો.

તમને વિચાર નથી થતો કારણ કે તમે કદી તમારા જીવન ઉપર મનન કરતા નથી.

તમારા પાસે લાખો રૂપિયા છે. સુંદર પત્ની છે. કહ્યાગરાં બાળકો છે, બંગલો છે, સમાજમાં પ્રતિષ્ઠા છે. ટૂંકમાં ભૌતિક સાધનો બધાંજ સંપૂર્ણ છે. છતાં કોઇ એક વાતનો અભાવ હોય છે. આ અભાવ છે તો ખરો, પણ તમે તેને ટાળી દો છો. જો અભાવ ન હોત તો અહીં સત્સંગમાં શા માટે આવો ? એટલે શાંતિનો અભાવ છે. અશાંતિ તો છેજ. પણ



શાંતિ નથી. આ શાંતિ તે નામ ઈશ્વરનું છે. ઈશ્વરના ઘણાં નામ છેઃ-વ્યાપકતા, સ્વાધીનતા, પ્રેમ, શાંતિ આવાં ઘણાં નામ છે. આનો અભાવ તમે નવરા પડો કે તરતજ સામે આવે છે. પણ સંસારિક સાધન અને જીવન એક બની ગયું છે, જેથી અભાવનો વિચારજ થતો નથી. તેમાં ત્રણ વાતઃ- (૧) નિસ્સંદેહતા (૨) અટલ વિશ્વાસ અને (૩) સ્વાભાવિક રૂચિ દૃઢ થઈ ગઇ. આ ત્રણને-જેનો અભાવ છે તેની સાથે જોડવાનાં છે.

અભાવ મટાડવા સાધન શોધવું પડે.

(૧) પ્રથમ અભાવ શાનો છે તે શોધો.

(૨) આ અભાવ મટાડવા સાધન કયું તે શોધો.

(૩) આ સાધાન જે શોધો તે તમારી રૂચિ અને યોગ્યતા પ્રમાણે શોધો.

પછી તેમાં (૧) નિસ્સંદેહતા (૨) વિશ્વાસ અને (૩) સ્વાભાવિક રૂચિ કરો.

હવે શાસ્ત્રોએ બધાં સાધનોને ત્રણ સાધનમાં સમાવી દીધાં છેઃ-

(૧) તમને વિભુ બનવાની રૂચિ જે થાય છે, તે બીજા માટે કર્મ કરવાની રૂચિ બતાવે છે. હું વિશ્વનો થઈને રહું. આવો જે ભાવ છે, તે સેવાભાવ બતાવે છે.

(૨) હું સ્વાધીન બનું. આ રૂચિ એકલા રહેવાનું સૂચન કરે છે. કારણ કે જ્યાં બે છે ત્યાં પરાધીનતા છે.

(૩) હવે કોઈ એકનો થઈ રહેવાની રૂચિ છે તે પ્રેમ બતાવે છે.

પ્રેમમાં બધાજ સંબંધો એક સંબંધમાં વિલીન કરવાના છે. પ્રેમ એક શક્તિ છે. આ પ્રેમજ પરમાત્મા છે. આ શક્તિ હાલ તમે વેરવિખેર કરી નાખી છેઃ-પૈસામાં પ્રેમ, કપડામાં પ્રેમ, બાળકોમાં પ્રેમ, સારી વસ્તુમાં પ્રેમ, સારી ઘટનામાં પ્રેમ. આ મૂળ તત્ત્વ પ્રેમ—તે વેરવિખેર થતાં—રાગ—આસક્તિ—મોહમાં ફેરવાઈ ગયો છે.

પ્રેમ કણેકણમાં છે. ઇશ્વર પણ કણેકણમાં છે. તમે ભૂલ શું કરો છો કે અમુક કણો સાથે પ્રેમ કરો છો. અમુક કણો સાથે દ્વેષ કરો છો. એટલે રાગ—દ્વેષ શરૂ થાય છે. રાગ—દ્વેષ દ્વંદ્વ છે. દ્વન્દ્વ છે ત્યાં સુખ—દુઃખ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, સંયોગ-વિયોગ, શ્રમ-વિશ્રામ, જન્મ-મરણ વગેરે અનેક દ્વન્દ્વો પેદા થશેજ.

સાધન નંબર ૧ઃ—બધાના થઈને રહો.

દ્વન્દ્વ પેદાં થયાં કે કર્મમાં આસક્તિ જાગશે. કર્મ ખરાબ નથી, પણ આસક્તિ ખરાબ છે. આસક્તિથી ભોગ વાસના જાગશે. આ ભોગવાસના તે વિકારો પેદા કરશે. આ છે જન્મ-મરણનું ચક્ર.

આ સાધન શ્રેષ્ઠ છે. બધાના થઈને જે રહે છે. તે સદા બધાને ભલા જુવે છે. કોઈને બૂરા નથી જોતા. જે બધાનો થઈને નહિ રહે, તેમાંથી રાગ-દ્વેષ નહિ જાય. કારણ કે વિભાજનથીજ રાગ—દ્વેષ ઉત્પન્ન થાય છે.

જે બધાનો થઈને રહે છે તેમાંથી સ્વાર્થભાવ જતો રહે છે. વ્યાપકતા આવે છે. સુખ દુઃખ જાય છે. રાગ-દ્વેષ મટે છે. જે મટતાં તે નિત્ય યોગમાં પ્રવેશ કરે છે.

સ્વાર્થભાવ જાય છે પછી માનવ કોઈનું બુરૂ નથી ઇચ્છતો. જેથી આવો-દુઃખીને જોઈને કરૂણાળું અને સુખીને જોઈને



પ્રસન્ન થાય છે.

(૧) કરૂણા—સુખભોગની આસક્તિ }
(૨) પ્રસન્નતા—ભોગવાસનાનો } નાશ કરે છે.

બોલોઃ-બધાના થઈને રહેવામાં તમને શું નડે છે ? માત્ર બધાનો છું. તે ભાવથી શરૂ કરો.

સાધન નંબર ૨ઃ—હું કોઈનો નથી.

જે એકલો નહિ કરે તે સ્વાધીન ન બની શકે. કારણ કે પોતાનાથી ભિન્નની સત્તા સ્વીકારવી તે જ પરાધીનતા છે. હું કોઈનો નથી. એ સાધનથી પરાધીનતા જશે. અને સ્વાધીનતા જાગશે. આજ વાસ્તવિક સ્વાધીનતા છે. વ્યાપકતા અને સ્વાધીનતા આવે કે પ્રેમ આવશેજ.

સ્વાધીન માનવીમાં આ ત્રણ વાત સાથે જ હોય છે.:—
(૧) મેરા કુછ નહિં હૈં । (૨) મુઝે કુછ નહિં ચાહિયે । (૩) મૈં કુછ નહિં હું ।

“મેરા કુછ નહિં હૈં” નો અર્થજ તે છે કે બધું મારૂં છે. સિકંદરને એક સંતે કહેલ કે તું તો ભિખારી છું. જે લેવા દોડે તે. જે વસ્તુ લેવાની છે તેનો ગુલામ છે.

એકવાર ભગવાન બુદ્ધ અને તેમનો શિષ્ય જતા હતા. ત્યારે બુદ્ધે એક માણસને એક બળદ વેચાતો લઈ દોરડાથી બાંધી લઈ જતો જોયો. બુદ્ધે શિષ્યને પૂછ્યું કે આ બેમાંથી ગુલામ કોણ છે ? શિષ્ય કહે કે બળદ. બુદ્ધે જઈ પેલા માણસ પાસેથી દોરડું ઝુંટવી લીધું. એટલે બળદ ભાગ્યો. જેવો બળદ ભાગ્યો, તેવો માણસ બળદ પાછળ દોડ્યો. બુદ્ધ કહે કે બોલ-કોણ ગુલામ ? શિષ્ય કહે કે-મહારાજ, માણસ ગુલામ છે.

આ પ્રમાણે તમે પત્નીના, પતિના, બાળકોના, મકાનના, નોટો [પૈસા]ના ગુલામ છો. આમાંથી કોઇ તમારી ઠાઠડી પાછળ દોડે તેમ ન માનતા.

તમે હવે તો સમજો. જાણો છો પણ જાણેલનો આદર નથી કરતા. કેમ નથી કરતા ? રાગ-દ્વેષ છે.

આ રાગ-દ્વેષ કાઢવા માટે સાધન છેઃ-(૧) બધાને મારા માનો. માનો માત્ર. બાથ નથી ભરવાની, પૈસા નથી આપવાના. માત્ર માનો. એક વર્ષ તો કરી જુવો. મોટો ચમત્કાર તમને તમારામાં લાગશે. બધા મારા માનવામાં અડચણ હોય તો (૨) કોઇ મારા નથી તેમ માનો.

પ્રથમ છે વ્યાપકતા. બીજું છે સ્વાધીનતા. બંને સાધન છે. વિષ્ણુનો અર્થ વ્યાપકતા. શંકરનો અર્થ સ્વાધીનતા. કાંઈ જરૂર નથી. કોઇની જરૂર નથી. બસ મસ્ત. હવે આ બે સાધન પણ પસંદ ન પડે તો (૩) કોઇ એકના થઈ જાવ.

સાધન નંબર ૩ કોઈ એકના થાવ.

જે કોઈ એકનો નહિ રહી શકે તે પ્રેમ પ્રાપ્ત નહિ કરી શકે, કારણ કે બધા સંબંધો વિલીન. થયા પછીજ પ્રેમ મળે છે.

તમે કોઇને કોઇના બની રહો છો. જેના બનીને રહો છો, તેનામાં વિશ્વાસ તથા પ્રીતિ હોય છે જ. અને જેના પ્રત્યે વિકલ્પરહિત વિશ્વાસ તથા અવિચલ પ્રીતિ હોય છે તે અવશ્ય પ્રાપ્ત થાય છે.

કોઇ એકના થવા પ્રેમ જોઇશે. હવે તમે તો પ્રેમને વેર-વિખેર કર્યો છે. પૈસા-બંગલા-બાળકો વગેરેમાંથી પ્રેમ કાઢી



તમારા કોઈ એક પ્રિયતમ હોય તેમાં સ્થાપિત કરો. ભલે પછી તે ઈશ્વર હોય, મા હોય, ગમે તે હોય.

સંસારી હો અને પતિમાં પ્રેમ હોય તો ત્યાં લગાવો. અનસૂયાએ લગાડેલ છે. સાવિત્રીએ લગાડેલ છે. અરે પત્થરમાં લગાડો.

અર્જુનના હરીફ એકલવ્યે પત્થરમાં લગાડેલ. ત્યાં પ્રેમ પરમાત્મા બની ગયો.

પ્રેમજ છે. આ પ્રેમ પરમાત્મા છે. સાધન ત્રણઃ- (૧) બધાને મારા માનો. (૨) કોઈને મારા નહિ માનવા અને (૩) કોઈ એકને મારા માનવા. આ માત્ર માનવાની વાત છે. લેવાદેવાની નથી. શરૂ તો કરો. આમ તો જગતમાં તમને જે ભિન્નતા દેખાય છે, તેનું કારણ એક અભિન્ન તત્ત્વ છે. દેહની આકૃતિ, ગુણો, કર્મ આ બધાને કારણે ભિન્નતા છે. બાકી સૃષ્ટિ એક છે. અને સૃષ્ટિનો પ્રકાશક એક છે.

ગમે તે સાધન તમારૂં નિરીક્ષણ કરી રૂચિ અને યોગ્યતા પ્રમાણે પકડજો. પકડો-આંટા ન મારો. આંટા તો બહુ માર્યા.

હવે તમારે કાંઇ પૂછવું હોય તો પૂછો. આમ તો બધા પોપટ બન્યા છે.

એક શિકારી રોજ જંગલમાં જાળ પાથરી, દાણા નાખી, જાળમાં જે પક્ષીઓ બેસતાં, તેને પકડી જતો. એક સંત નજીકની કુટિરમાં રહેતા, તે રોજ આ જોતા. સંતને થયું કે પોપટ જલદી ભાષા પકડે છે. તો તેને **શીખવી** દઉં કે તે બધાંને ચેતવે એટલે સંતે એક પોપટને આટલું શીખવ્યુંઃ- "શિકારી આયેગા, દાણા ડાલેગા, જાળ બિછાયેગા, જાના

મત.'' બીજે દિવસે શિકારીએ જાળ પાથરી. ત્યાં પોપટ બોલ્યો. તો શિકારી વિચારમાં પડ્યો કે હવે પક્ષીઓ નહિ આવે. એટલે જાળ લઇ ઘેર ગયો. રાત્રે શિકારીને થયું કે કાલે જોઉં તો ખરો કે પોપટના બોલવાથી કોઈ નથી આવતા કે પોપટે માત્ર ગોખ્યું છે.

બીજે દિવસે શિકારીએ જાળ પાથરી. દાણા નાખ્યા તો પેલો પોપટ બોલ્યો, ''શિકારી આયેગા, દાણા ડાલેગા, જાળ બિછાયેગા, જાના મત.'' આટલું બોલી તે પોતેજ જાળ ઉપર ગયો. બીજા પણ બેઠા અને બધા પકડાયા.

આ પ્રમાણે હું બોલું અને તમે પોપટ માફક વર્તો તો?

પોપટ પોતે સંતે જે વાત શીખવી. તેનો અનુભવ કરે તો એવું ન થાય.

પ. પૂ. યોગેશ્વરજીની આત્મકથા
'પ્રકાશના પંથે'નો હિન્દી અનુવાદ.

* प्रकाश पंथका यात्री *

( ડૉ. ભાનુકુમાર નાયક )
હવે ઉપલબ્ધ છે, કિંમત રૂ. ૪૦/– લખોઃ–
શ્રી બાબુભાઈ વોરા
૩૧ ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગ પુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ટપાલ ખર્ચ અલગ રૂ. ૫/– મોકલવા.



[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા]

## પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

સં. પરમાર્થી

અને રોજ રોજ મારી પ્રાર્થના ચાલુ જ રહી એટલા માટે જ પ્રાર્થું છું કે હે જગત ને જીવનના પ્રાણ ! તમારા વિના બીજી કોઇયે વસ્તુમાં કે વ્યક્તિમાં મારું મન મોહિત ના થાય ને તમારા જ કૃપા પ્રસાદથી મારો પ્રાણ પરમ પ્રસન્ન ને ધન્ય બની જાય એવો આશીર્વાદ સદાને માટે આપી દેજો......બુદ્ધિમાન માણસ તો બીજી બધી જ વાતોને કોરે મૂકીને તમારી કૃપાનો ચાતક બની બેસી રહે છે. ને તમારા દૈવી દર્શન દ્વારા જીવનને ધન્ય ને ઉજ્જવલ કરવા ઝંખે છે. જગતમાં તે જ સાચો પંડિત, જ્ઞાની, શાસ્ત્રી ને સાક્ષર છે. જેને તમારી મોહિની લાગી જાય છે તે જ ધની, માની ને બડભાગી છે...તમારી કૃપાવિનાના જીવનનું મૂલ્ય ખરેખર કાંઇ જ નથી......જે જીવનમાં તમે કે તમારી કૃપા નથી તે જીવન જીવતા મરણ વિના બીજું કૈં જ નથી...... તમારી રૂપ સુધાનું પાન કરતાં લોચન સદાયે પ્યાસાં ને પ્યાસાં જ રહે, ને શરીર તમારા મંગલ ને સુખદ સ્પર્શ સુખથી પ્રસન્નતા ને ધન્યતા અનુભવે, એવો આશીર્વાદ દઈ દો......તમારી અખંડ સ્મૃતિ ને પ્રેમપૂર્વકની તમારી પ્રાર્થના જેવો યજ્ઞ બીજો કોઇ જ નથી....મારા વિચાર ને મારું જીવન તો તમારી ઇચ્છા ને પ્રેરણા પ્રમાણે જ વળાંક લે છે ...સાધનાનો આ યજ્ઞ કેવળ મારો જ નહીં પણ આપણા બંનેનો છે ને તેની પૂર્ણાહુતિ થવામાં આપણા બંનેનું હિત

સમાયેલું છે. માટે તેની પૂર્ણાહુતિ તમે જલદી જલદી કરી દો એ જ મારી પ્રાર્થના છે.......અંતરના અંતરતમની પ્રાર્થના છે.........

ડીસેમ્બર માસ એવી રીતે સાધનારત દશામાં પૂરો થયો. તે દરમ્યાન ચિંતા, વેદના ને પુરુષાર્થ ચાલુ રહ્યાં. હજી સાધનાની પૂર્ણતા માટે તલસવું બાકી હતું. પણ હતાશ થયે શું વળે ? પૂરા પ્રેમ ને ઉત્સાહથી આગળ ને આગળ વધ્યે જ છૂટકો હતો. ને તે પ્રમાણે મેં આગળ વધવા માંડ્યું.

દેવ પ્રયાગમાં રહી ચૂકેલા પોલીસ ઈન્સ્પેક્ટર મુરાલીલાલની બદલી મસૂરીથી થઈ ગઈ હતી. તેથી તેમણે મસૂરીમાં ઉપયોગી થાય તે હેતુથી ત્રણ ઓળખ પત્રો લખી મોકલ્યા હતા. જો કે પત્રો ખાસ કામ કરતા નથી એજ અનુભવ હજી ગયા ઊનાળામાં જ અમને આલ્મોડામાં મળ્યો હતો; છતાં હિમાલયના ગમે તે સ્થળે જવાનું જ હતું ને મસુરી તે જ વિસ્તારમાં હતું એટલે મસુરીનો વિચાર નક્કી રાખ્યો.

પરંતુ ઈશ્વરની ઈચ્છા કૈંક જુદી જ હતી. એ અનુસાર અમારે સીધું ઋષિકેશ જ આવવાનું થયું. એ જ ભરત મંદિરમાં જ્યાં અમે ગયા ઊનાળા ને ચોમાસા દરમ્યાન નિવાસ કર્યો હતો. ત્યાં આવીને અમે વિશ્રામ કર્યો. પતિત-પાવની ગંગા ને હિમાલયની તળેટીના પર્વતો પોતાની ચિરપરિચિત દૃષ્ટિથી અમને જોઈ રહ્યા. યુગોયુગોથી અસ્ખલિત-પણે વહેતી ને સંગીતમાં તન્મય બનતી ગંગા સંસારને માટે કેવુંક ગીત ગાઇ રહી છે ? એના આનંદનો ને પુરુષાર્થનો અંત નથી. એને થાક કે નિરાશા પણ ક્યાં છે ? આત્મિક પંથના પ્રવાસીને એ એવું જ આશા, ઉત્સાહ તેમજ પ્રેરણાનું



અખૂટ ભાથું ભરીને નિરંતર આગળ ને આગળ ચાલવાનું કહે છે.

ઋષિકેશમાં સાધુ સંતો ઘણા છે. તેમાંના કેટલાક ઝાડીમાં પણ રહે છે. ઝાડી ગીચ નથી, પણ પ્રમાણમાં ત્યાં ઝાડ વધારે છે. પાસે જ ગંગા છે. એટલે સ્થળ રમણીય લાગે છે. એક સાંજે ત્યાં એક સાધુ મળ્યા. તેમણે કાનમાં કુંડળ પહેર્યાં હતાં. એટલે નાથ સંપ્રદાયના જણાતા હતા. તેમણે વાતવાતમાં પ્રેમપૂર્વક કહ્યું: 'નહાન તરફ ભીષ્મનાથ નામના એક મહાન યોગી છે. તે હઠ યોગની ક્રિયામાં પારંગત છે. વજ્રોલી પણ જાણે છે. તેવા સમર્થ યોગી આ બાજુ બીજા કોઇ દેખાતા નથી. તમારી ઇચ્છા હોય તો એ બાજુ ચાલો. હું હવે થોડા જ દિવસમાં તે તરફ જવાનો છું.'

આ વખતે મને ઉત્તરકાશીમાં નહાન તરફના એક નાથ મહાત્મા મળેલા તે પ્રસંગ યાદ આવ્યો. સીમલામાં નેપાલી બાબાએ મને તેમની પાસે જવાની ના પણ કહેલી. પણ આ મહાત્મા તેજ છે એ કોણ કહી શકે ? પરંતુ તેમણે તો 'એ બાજુ કેરી ખૂબ થાય છે. કેરી ખાવાની મજા માણવી હોય તો ચાલો' એવું પ્રયોજન મૂક્યું હતું. તેથી મેં કહ્યું: 'પ્રભુની ઇચ્છા હશે તો કોઈવાર તે તરફ આવી પહોંચાશે. પણ કેરી ખાવા નહિ, પણ મહાત્માજીનાં દર્શન કરવા.'

એવી જ રીતે એક બીજી સાંજે એક ગુજરાતી કુટુંબનો પરિચય થયો. તે પ્રસંગ પણ ગંગાકિનારે જ બન્યો. તે કુટુંબમાંના વડીલે કોઇ પણ પ્રકારની બીજી પ્રાસંગિક વાત વિના મને કહ્યું: 'અમારા ગુરુજી ખૂબ મહાન ને સમર્થ છે. તે વધારે ભાગે આલંદીમાં જ રહે છે. પણ અમારા આગ્રહથી છ છ મહિના જેટલો વખત મારે ત્યાં પણ રહે છે. પુનામાં

હું તો છું જ પણ તે ઉપરાંત તેમના બીજા પણ ભકત છે. કેટલીક વાર તે તેમને ત્યાં પણ રહે છે. ગુરુજી ખૂબ વૃદ્ધ છે. ગુજરાતી છે. અને ઉચ્ચ દશાએ પહોંચેલા છે. અમે તો વરસોથી તેમના પરિચયમાં છીએ. પણ અમે તેમની ગતિ-વિધિને કેવી રીતે જાણી શકીએ ? ઝવેરી વિના રતનને કોણ ઓળખે ? તમે એ માર્ગે જઇ રહ્યો છો એટલે તમને આપણે ત્યાં આવવાનું નિમંત્રણ આપું છું. હું તમને સરનામુ આપીશ. તેમની પાસે તો કેટલાય માણસો આવે છે ને કેટલાયની શંકા પણ મટાડે છે.”

મેં તેમના સમાધાન માટે કહ્યું: ‘મારે પોતાને કોઈ ખાસ શંકા નથી. છતાં તમે સરનામુ આપશો તો કોઇવાર આવવાનું બનશે તો તેમની મુલાકાત થઇ જશે.’

તેમને આનંદ થયો.

એ પછી અમે મસુરી ગયાં. મસુરી દહેરાદૂનથી મોટર દ્વારા જવાય છે. સમુદ્રની સપાટીથી ૬૫૦૦ ફૂટ પર ઊંચે આવેલું આ સ્થાન ખરેખર રમણીય છે. ખુલ્લા ને મોટા રસ્તા, સુસજ્જ બજાર ને નળ તથા બત્તીની સરસ વ્યવસ્થાથી મસુરી વધારે રમણીય લાગે છે. ગરમીનું તો નામ ના મળે. સાધનાને માટે આવાં સ્થળ ખૂબ અનુકૂળ હોય છે. પણ તે તો રહેવા માટે કોઇ અનુકૂળ સ્થળ મળે ત્યારે. અમે પ્રારંભિક કામ પતાવીને ઓળખ ચિઠ્ઠી લઇ રહેવાના સ્થળની શોધમાં નીકળ્યાં. માસિક રૂપિયા ૨૪૦ના ભાડે મળી શકે. તેવાં મકાન બતાવવામાં આવ્યાં. પરંતુ એ ભાડુ અમારે માટે તો ઘણું હતું એટલે તે વાત પડતી મૂકીને અમે સ્વતંત્ર તપાસ શરૂ કરી. નિવાસને માટે જુદી જુદી હોટલો ને કેટલાંક સ્થળોમાં ફરી વળ્યા. એક બે સ્થળો ગમ્યાં પણ ખરાં પણ ભાડું ખૂબ જ વધારે હતું. પરિસ્થિતિ એવી પ્રતિકૂળ હોવાથી,



ઇચ્છા હોવા છતાં તેમજ સ્થળ ગમી ગયું હતું છતાં, અમે ત્યાં રહી શકયા નહિ. હાલ પૂરતું અમે ઋષિકેશ જ રહેવાનું નક્કી કર્યું. જો કે ઋષિકેશમાં ગરમી ઘણી હતી. તો પણ ઈશ્વરની ઈચ્છામાં આનંદ માનીને અમે ત્યાં આવી પહોંચ્યાં.

અમારી પરિસ્થિતિથી પોલીસ ઈન્સ્પેકટર ભાઇશ્રી મુરાલી-લાલને માહિતગાર કર્યા ત્યારે તે પ્રેમી પુરુષનું દિલ દુઃખાયું. તેથી મેં તેમને પત્ર લખી જણાવ્યું કે ‘પ્રભુની ઈચ્છા એવી હશે. એમાં કાંઇ દુઃખ લગાડવાનું કારણ નથી. તમારો પ્રેમ યાદ રહેશે.’

બીજો પ્રસંગ રાજપુરનો છે. રાજપુરમાં બને તો થોડોક વખત રહેવાની ઇચ્છા હોવાથી અમે ત્યાં રાજા મહેન્દ્રપ્રતાપને મળવા ગયા. પ્રેમીભાઇ ચંપકલાલે તેમના પર મારો પરિચય આપતો પત્ર લખ્યો હતો. એટલે તેમને મારો પરોક્ષ પરિચય હતો. છતાં તેમણે જે પ્રેમથી અમારૂં સ્વાગત કર્યું તે પ્રેમ સદાને માટે યાદ રહી જશે. તેમનું વર્તન ખૂબ જ માનવતાભર્યું હતું. તેમણે અમને અમારી ઇચ્છા હોય ત્યારે પોતાના મકાનમાં રહેવા આવવાનું કહ્યું. જે ઓરડો આપવાની તેમની ઇચ્છા હતી તેને એક પણ બારી ન હતી. એટલે કેટલીક વાત કર્યા પછી મેં તેમને જવાબ આપ્યો કે રહેવા આવવાનો વિચાર થશે એટલે પહેલેથી જણાવીશ.

ઋષિકેશમાં આવીને કેટલાક દિવસ બાદ મે લખ્યું: ‘તમારા પ્રેમમય વર્તાવથી ખૂબ જ આનંદ થયો. પણ તમે રહેવા માટે જે મકાન બતાવ્યું તે બારી વિનાનું હોવાથી પસંદ ના પડયું. જો બીજું સારું મકાન હોય તો જરૂર રહેવા આવત.’

એના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે ‘તમે તે વખતે જ કેમ ના કહ્યું કે બારીવાળું મકાન જોઇએ ? મારી બાજુમાં જ

એક ઓરડો છે. તેમાં બારી જ બારી છે. તમે આવશો તો તેમાં જ ઉતારીશ.' રાજાજીના પ્રેમપૂર્ણ હૃદયની આ નિશાની હતી. તેમને વળતો જવાબ લખ્યો કે 'તમારા નિમંત્રણનો ભવિષ્યમાં કોઈવાર બની શકશે તો જરૂર લાભ લઈશ.'

(ક્રમશઃ)

## * સર્વેશ્વરી તીર્થ ચેરિટેબલ ટ્રસ્ટને *
## પ્રાપ્ત થયેલ સહાય

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના ચુમ્માલીસમા જન્મદિને શ્રી સર્વેશ્વરી તીર્થ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપનાની જાહેરાત થઇ. પ. પૂ. શ્રી યોગેશ્વરજીના વડોદરાના સ્મારક માટે કામ કરવાનું પ્રધાનલક્ષ હાલ પૂરતું આ ટ્રસ્ટનું છે.

તેના પ્રારંભમાંજ જે સહાય એને પ્રાપ્ત થઇ, તેમાં પૂ. માના ભક્તસમાજના ભાઈઓ નિમિત્ત બન્યા છે.

અમેરિકામાં વસતા પૂ. શ્રીના તેમજ પૂ. માના અનન્ય ભક્ત શ્રી ભગવાનજીભાઇ તેમજ તેમનાં પત્ની શ્રીમતી કંચનબેન ભક્તે રૂા. ૧,૧૧,૧૧૧ આપ્યા છે. તેમજ મેમ્ફીસમાં વસતા પૂ. માના પરિવારના શ્રી લલ્લુભાઇ ભક્ત અને શ્રી ગુલાબબેને રૂા. ૧,૦૦,૧૦૧ એમના પૂ. માના નામે આપ્યા છે.

શ્રી શાન્તિભાઇ કનેરિયા રાજકોટ, રૂા. ૫૧,૦૦૦

શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ વડોદરા રૂા. ૮૬,૦૦૦ તેમજ અમદાવાદના ધ્યાનકેન્દ્રો તરફથી રૂા. ૭૨,૦૦૦ ની જાહેરાત શ્રી બાબુભાઇ વોરાએ કરી હતી.

આ ટ્રસ્ટની સહાય શ્રી સર્વેશ્વરી તીર્થ ચેરિટેબલ ટ્રસ્ટ, C/o. શ્રી જીતુભાઇ ગાંધી ૫૫/૧ અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૫ ના સરનામે મોકલવી.



# બે માતાઓ

લેખક : પ્રાગજી ડોસા

મનુષ્યના મૃત્યુ પછી એના કર્માનુસાર અન્તરિક્ષમાં રહેલા લોકને (સપ્ત લોક અથવા સપ્ત નરકમાંના કોઈ સ્થાનને) તે પામે છે. સૂક્ષ્મ શરીરે એ જીવ પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય, પંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ૧૯ તત્ત્વોની સાથે જાય છે. સ્ત્રી, પુત્ર, ધન આદિ જે વસ્તુમાં એની વાસના રહી ગઇ હોય તો પરલોકમાં પણ તેને માટે એ ઝૂરે છે.

મારા બાળપણના મિત્રનું નામ ઈશ્વર. ચોપાટી ઉપર અરીસા મહાલમાં અમે ઉપર નીચે રહીએ. પ. પૂ. યોગેશ્વરજીએ "પ્રકાશના પંથે" એમની આત્મકથામાં વડોદરામાં તેઓશ્રી શ્રી અડાલજાને ઘેર રહ્યા હતા એમ લખ્યું છે. શ્રી અડાલજા બંગાલના સંત હરનાથ પાગલના અનુયાયી અને કૃપાપાત્ર હતા. આ વિભૂતિ ઈશ્વરનું ઘર પાવન કરતી, નામજપ પર અખંડ શ્રદ્ધા અને કીર્તનો કરાવે તેમાં હું ને ઈશ્વર પણ ભાગ લેતા. એ કીર્તનમાં ભક્તો એટલા બધા તો તન્મય થઇ જતા કે તાળીઓના તાલ દેતાં હાથમાંથી લોહીની ટશરો ફૂટતી, તેનું પણ તેમને ભાન રહેતું નહિ. હરનાથબાબા ગૃહસ્થાશ્રમી હતા. એમને બે પુત્રો અનુકુલદા અને કૃષ્ણદાસ. મૂળ વતન બંગાલના બાંકુરા જિલ્લામાં સોનામુખી ગામ.

યુવાન વય થતાં ઈશ્વરનાં લગ્ન શાન્તા નામની યુવતી સાથે થયાં. અવિભક્ત આત્માની પેઠે બન્ને એકમેકમાં ઓતપ્રોત થઇ ગયાં હતાં. પરંતુ એક વર્ષમાં તો ટૂંકી માંદગી

ભોગવી શાન્તા શ્રીચરણ પામી. ઈશ્વર સંવેદનશીલ હતો. શાન્તાનો વિરહ એનાથી સહન થયો નહિ અને છ મહિનામાં જ એણે પણ પરલોકની વાટ લીધી. એ પછી તરત જ મારે સોનામુખી જવાનું થયું. હરનાથબાબા તો બ્રહ્મલીન થયા હતા. હું ત્યાં પહોંચ્યો કે કૃષ્ણદાસદાદાએ મને આલિંગન આપ્યું. એ વખતે મારા આખાયે શરીરમાં જાણે વિજળીનો પ્રવાહ વહેતો હોય એવી ઝણઝણાટી થઈ. એ અનુભૂતિ કો અગમ્ય આનંદની હતી. કૃષ્ણદાસદાદા પણ સિદ્ધ પુરુષ હતા. પરલોક અને અન્તરિક્ષની વાતો જાણી શકતા એટલે મેં પૂછ્યું:

"પરલોકમાં ઈશ્વર સુખી છે કે દુઃખી ?"

એમણે કહ્યું "કાલે હું જણાવીશ." બીજે દિવસે તેમણે કહ્યું "હું ઈશ્વરને મળી આવ્યો. 'ભાલો આશી'. એ સુખરૂપ છે. પણ ગમ્મત થઈ. એણે કહ્યું મને શાન્તા મળી એ ઉપરાંત મારા માતુશ્રી જેમણે વર્ષો પહેલાં દેહ છોડ્યો હતો તેઓ પણ મળ્યાં. પરંતુ અમારાં પૂર્વ જન્મોનું પણ અમને જ્ઞાન હોય છે તે અનુસાર ઈશ્વર નામધારી હું પૃથ્વી પર વિચર્યો તેના પૂર્વના જન્મમાં હું એક ખેડૂતનો પુત્ર હતો. એ જન્મનાં મારાં માબાપ જુદાં હતાં. ત્યારે પણ યુવાન અવસ્થામાં મારું મરણ થયું એ આઘાત મારી એ માતાથી જીરવાયો નહિ. એ માતાએ હજી પુનર્જન્મ લીધો નથી અને એ પણ મને મળી. મારી બે માતાઓ ! અને એવા તો મારા કેટલાયે જન્મ અને કેટલા બધા માતા-પિતા ! એટલે પત્ની, માતા, પિતા ઉપરનું મારું મમત્વ, જે માત્ર માયા હતી તે ઓસરી ગઈ. હવે હું માત્ર પ્રભુ ભજન કર્યા કરું છું."

એ પછી "માયામાં બંધાયેલો જીવ" એ વિષય પર કૃષ્ણદાસદાદા બોલ્યા અને દરેક વસ્તુ પર મમત્વ ન રાખવું તે



સમજાવ્યું. એક શ્લોક બોલ્યા.

યત્કૃતં યત્કરિષ્યામિ તત્સર્વં ન મયા કૃતમ્ ।
ત્વયા કૃતં તુ ફલયુકત્વમેવ મધુસુદન ।।

ફલની આશા રાખ્યા સિવાય દરેક કર્મ કૃષ્ણાર્પણ કરીને કરીએ તો જીવ માયામાં બંધાય નહિ.

---

(પૃષ્ઠ ૪ નું અનુસંધાન)

એવા જ સંદર્ભમાં પરંતુ જરાક જુદી દેખાતી પરિભાષામાં કહેવામાં આવ્યું છે કે એવા શરણાગત એકનિષ્ઠ ભક્તો પર અનુકંપા કરવા માટે એમના અંતરમાં પરમ પ્રકાશવાન પ્રજ્ઞાના પ્રદીપને પ્રકટાવીને હું અજ્ઞાનરૂપી અંધકારનો અંત આણું છું.

તેષામેવાનુકંપાર્થમહમજ્ઞાનજં તમઃ,
નાશયામ્યાત્મભાવસ્થો, જ્ઞાનદીપેન ભાસ્વતા.

જીવનને ઉજ્જવળ, નિર્વાસનિક, નિર્બંધ બનાવવા માટે એવા બુદ્ધિયોગની આવશ્યકતા છે, શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પંદરમા અધ્યાયના છેવટના શ્લોકમાં પણ એજ અર્થમાં જણાવ્યું છે કે હે પવિત્ર અર્જુન ! મેં તને આ ગુહ્યતમ શાસ્ત્રનો સદુપદેશ સંભળાવ્યો છે એને સમજીને બુદ્ધિમાન થવું જોઈએ અને કૃતકૃત્ય થવું જોઇએ.

ઇતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાનઘ,
એતદ્‌બુદ્‌ધ્વા બુદ્ધિમાન્‌સ્યાત્‌ કૃતકૃત્યશ્ચ ભારત ।

ત્યાં પણ સુસ્પષ્ટ કર્યું છે કે શાસ્ત્રનું શ્રવણમનન કેવળ બુદ્ધિમાન બનવા માટે નથી પરંતુ કૃતકૃત્ય થવા માટે છે. એવી કૃતકૃત્યતા બુદ્ધિયોગ દ્વારા જીવનને ઉજ્જવળ કરીને પરમાત્માની અપરોક્ષાનુભૂતિ કરવાથી જ પરમાત્માનું અલૌકિક અનુસંધાન સાધવાથી જ પામી શકાય.

યોગેશ્વરજી

# 'પ્રકાશ પથકા યાત્રી'ને આવકાર

—રવિભાઇ મહેતા
(ભૂતપૂર્વ તંત્રી 'જન્મ ભૂમિ')

"શ્રી યોગેશ્વરજીની આત્મકથાનો ડૉ. શ્રી ભાનુકુમાર નાયકે તૈયાર કરેલો હિન્દી અનુવાદ 'પ્રકાશ પથકા યાત્રી' નું આજે વિમોચન થાય છે એ મારે માટે પરમ સંતોષ અને અનેરા આનંદનો વિષય છે.

શ્રી યોગેશ્વરજીનો પરિચય મને ઘણાં વર્ષો પહેલાં થયેલો અને એમની સાથેનો સંપર્ક વર્ષો સુધી ચાલુ રહેલો. એમના પ્રથમ પરિચયે જ એમના આધ્યાત્મિક ઉત્કર્ષથી હું ખૂબ જ પ્રભાવિત થયેલો. દેવપ્રયાગમાં પોતાની અધ્યાત્મિક સાધના પરાકાષ્ઠાએ પહોંચાડીને તેઓ તાજેતરમાં જ પાછા ફર્યા હતા. અને એમના એ સુદીર્ઘ સાધનાકાળના અનુભવોની જે થોડીક વાતો તેમની પાસેથી સાંભળેલી તે પરથી મને પ્રતીતિ પહોંચી હતી કે આપણા પુરાતન સનાતન ભારતમાં જે વિરલ સિદ્ધ પુરુષો લગભગ દરેક પેઢીએ થતા આવ્યા છે તેમાંના તેઓ એક હતા.

તે વખતે એમના, મારી ધારણા અનુસાર, પ્રથમ પ્રકાશન 'અનંત સુર'નું પ્રકાશન કરવાનો લ્હાવો મને મળ્યો હતો.

તે પછી મારા અનુરોધને માન આપીને યોગેશ્વરજીએ ઉત્તરાખંડમાં તેમના વસવાટ દરમિયાન જે અનેક સિદ્ધો અને સાધકોનો તેમને પરિચય થયેલો તેમનો સંક્ષિપ્ત પરિચય આપતી એક લેખમાળા તેમણે મારા તંત્રીપદ નીચેના 'જન્મ-ભૂમિ-પ્રવાસી' પત્રમાં લખી હતી. એ લેખમાળા પ્રત્યેના બહુ મોટી સંખ્યાના વાચકોના જે ઉત્સાહપૂર્ણ પ્રતિભાવો મને મળ્યા હતા તે પરથી મને એમ થયા જ કરતું હતું કે આ



અમૂલ્ય અનુભવો પુસ્તકરૂપે પ્રગટ થાય તો સારું. અને તે ગુજરાતીમાં પ્રગટ થયા પણ ખરા અને સારો લોકાદર પામ્યા.

પરંતુ એ અનુભવો કેવળ ગુજરાતી વાચકો પૂરતા જ સીમિત ન રહેવા જોઇએ, એમ લાગ્યા કરતું હતું. હવે એ અનુભવો શ્રી ભાનુકુમાર નાયકના પુરુષાર્થથી રાષ્ટ્રભાષા હિન્દીમાં પ્રકટ થાય છે.

ઉમેદ તો એવી છે કે તે દેશની તમામ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રકટ થાય; કારણ કે આપણી અનન્ય સંસ્કૃતિના વારસાના એક ઉત્કૃષ્ટ ભાગ જેવા તે છે. તે પણ થશે એવી ભાવના અને પ્રાર્થના સાથે આ સમારંભને હું હાર્દિક સફળતા ઇચ્છું છું. ●

### * સ્ટીકરોનું વેચાણ *

પૂ. શ્રી યોગેશ્વરજીના અનન્ય ભક્ત–શ્રી ગોરધનભાઇ કલોલાના પુત્ર શ્રી અજય કલોલાએ પૂ. શ્રીના નામના સ્ટીકરોને છપાવી, વડોદરાના સમારંભમાં મૂક્યાં હતાં; તેને સાધકો તરફથી સારો આવકાર મળ્યો હતો.

જે કોઇ ભાઇઓને આવા સ્ટીકરો જોઇતાં હોય, તેમણે શ્રી અજય કલોલાનો રાજકોટ ખાતે સંપર્ક સાધવો. તેમનું સરનામું–૩, ચિત્રકૂટ, ટાગોર–સોસાયટી, કાલાવાડ રોડ રાજકોટ.

### * સત્યપથ કલ્યાણ કેન્દ્ર *

શ્રી સત્યપથ કલ્યાણ કેન્દ્ર હવેથી શ્રી સર્વેશ્વરી તીર્થ ચેરિટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિઓના એક ભાગરૂપે કામ કરશે.

રોજના રૂપિયા એક લેખે પૂ. શ્રીની પ્રવૃત્તિ માટે જે સાધકો આપે છે, તેની રકમ તેઓએ પહેલાંની જેમ શ્રી અતુલ કોન્ટ્રેક્ટર, 'યોગેશ્વરકૃપા' પુરોહિત ડાઇનીંગ હોલ પાસે, વલ્લભવિદ્યાનગર, ૩૮૮,૧૨૦ના સરનામે મોકલવી.

(ગતાંકથી ચાલુ)

# રામકથા

યોગેશ્વરજી

[ યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

'તમારા સૌને માટે પ્રેમ છે એટલે તમારી સ્મૃતિથી કોઇ કોઇવાર આંસુ તો આવશે જ, એનો ઈન્કાર નથી કરતી, છતાં પણ તમારા ત્યાગમય જીવનમાંથી પ્રેરણા મેળવીને હું બને તેટલી શાંતિ મેળવીશ. હું પણ હૃદયથી સંપન્ન છું. એટલે હૃદયના સંવેદનનો ત્યાગ નહિ કરી શકું. છતાં પણ એ સંવેદન મારા જીવનને હતાશ અથવા નીરસ નહિ જ કરી દે. એ મને ઉત્તમ જીવનની દીક્ષા દેનારું ને ઉર્ધ્વગામી બનાવનારું સાબિત થશે,' ઉર્મિલા સહેજ અટકી પડી અને આગળ બોલી : 'મારો કાળ કેવી રીતે પસાર કરીશ તે વિષે તમે પૂછ્યું છે. પરંતુ કાળ તો ઇચ્છા અથવા અનિચ્છાએ પસાર થતો જ જાય છે. યુગો ને વરસો ક્યાં પૂરા થાય છે. તેની ખબર નથી પડતી. અહીં રહીને માતા સુમિત્રાની સેવા કરીશ. એમનો તમારા પ્રત્યેનો અનુરાગ અપાર છે. તમારા વનમાં જવાથી એમના જીવનમાં જે એકલતા અને વ્યથાની છાયા છવાશે તેને ઓછી કરવા માટે મારાથી બનતા બધાજ પ્રયત્નો કરી છૂટીશ. એ ઉપરાંત શીલ તથા સંયમને તિતિક્ષાના પાલનમાં મારા મનને પરોવેલું રાખીશ. એને લીધે મને અનેરી શાંતિ મળશે. વનમાં રહીને તમે રામસીતાના સહવાસમાં ઋષિમુનિનું દર્શન કરશો, ઇન્દ્રિયોનું ને દેહનું દમન કરશો, ને જીવનને ઉત્તમ કરતું તપ કરશો. તો હું અહિ રાજભવનમાં રહીને તપ કરીશ. તમારી જેમ હું પણ સાદાઈથી રહીશ ને સ્વાદિષ્ટ ભોજન તથા બીજી જાતના રસાસ્વાદોનો ત્યાગ કરીશ. મનથી એવું જ માનીશ કે હું વનમાંજ રહું છું. અને એ માન્યતા સાચી જ હશે. કારણ



કે તમારા વિનાનું રાજભવન મારે માટે વન કે સ્મશાન જેવું સૂનું થઇ પડશે.'

ઉર્મિલાના શબ્દો સાંભળીને લક્ષ્મણ લાગણીવશ બની ગયો ને બોલ્યો : 'તારા શબ્દો સોનેરી અક્ષરે અંકિત કરવા જેવા છે. ઉર્મિલા એ શબ્દો સાંભળીને મને કાંઈનું કાંઈ થઇ રહ્યું છે. મારું અંતર ઉછળી પડે છે ને મને કર્તવ્યની સાચી પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. મારું મન જો કે તારો ત્યાગ કરીને વનમાં જવા માટે રાજી નથી થતું, છતાં પણ તારી પાસેથી હિંમત મેળવીને એને વનમાં જવા માટે તૈયાર કરી દઇશ. રામ અને સીતાનો સાથ કરવાથી એમના જીવનની હવે પછી આવનારી નાજુક પળોમાં હું એમને બનતા પ્રમાણમાં મદદરૂપ થઈ શકીશ એવા વિશ્વાસથી જ આ નિર્ણયપર પહોંચવા પ્રેરાયો છું—લોકોને આપણી વચ્ચેના વાર્તાલાપની ખબર નહિ પડે. એતો રામની સાથે વનમાં જઈને એમની સેવા કરવાના સંકલ્પ બદલ મને એકલાને જ સાબાશી આપશે, પરંતુ વિધાતા બધુ જાણે છે, અને એમની નજરમાં એનો સાચો યશ તને જ ઘટશે. તારી ગુણવત્તાને એ નહિ ભુલી શકે.'

'મારે યશ નથી વધારવો, હું તો તમારી છાયા બનીને રહેવાનું જ પસંદ કરું છું, એટલે તમારા યશમાં મારો યશ સમાઈ જાય છે. આપણે બંને ક્યાં જુદા છીએ ? આપણાં શરીરો જ જુદાં છે બાકી આત્મા તો એક જ છે.'

## —— આઘાત ——

ઉર્મિલાને સાથે લઈને લક્ષ્મણ માતા સુમિત્રાની સંમતિ મેળવવા માટે આવી પહોંચ્યો ત્યારે સુમિત્રા શોકાતુર બનીને બેઠી હતી. એનો બધોય આનંદ જાણે કે ઉડી ગયેલો.

લક્ષ્મણને જોતાંજ એણે કહેવા માંડ્યું : 'લક્ષ્મણ ! આ શું થયું ? હું તારીજ પ્રતીક્ષા કરી રહેલી. કૈકેયીએ બધી બાજી બદલી

નાખીને આ કેવો કેર વર્તાવ્યો ? રામના વનવાસના શોકજનક સમાચાર કોણ સાંભળી શકે તેમ છે ? મેં તો જ્યારથી એ અશુભ સમાચાર સાંભળ્યા છે ત્યારથી જ મારું મન એકદમ અસ્વસ્થ બની ગયું છે કૈકેયીને વળી આ શું થયું ? એની ઇચ્છા હતી તો ભરતના રાજ્યાભિષેકની માગણી કરીને એણે બેસી રહેવું હતું. એથી આગળ વધીને રામના વનવાસની માગણી એણે શા માટે કરી ? એવી અન્યાયી હીન માંગણી કરતાં એનું દિલ ના તૂટી ગયું ?'

લક્ષ્મણે કહ્યું : કૈકેયી આટલી બધી કઠોરતા ને ક્રૂરતાની હદે જશે એવી આશા તો કોઇયે પણ ન હતી રાખી. રામે અને સીતાને માથે જ નહિ પરંતુ આખી અયોધ્યાને માથે વિપત્તિ તૂટી પડી ! રામતો વનમાં જશે, પરંતુ સીતા પણ એમની સાથે જવા તૈયાર થઈ છે. રામે એને સંમતિ પણ આપી દીધી છે.'

'શું કહે છે ?' સુમિત્રાના વિસ્મયનો પાર ના રહ્યો : 'સીતાને રામે સમંતિયે આપી દીધી ? મને લાગતું જ હતું કે સીતા રામની પાછળ અયોધ્યામાં એકલી નહિ રહે અને થયું પણ એમજ. રામે ભલી એટલી જલદી હા કહી ?'

'હા ના કહે તો શું કરે ? સીતાનો આગ્રહ ઘણોજ હતો. એની આગળ રામ નમી પડ્યા. રામ સીતાને સાથે લેવાની તૈયારી ના બતાવત તો સીતા કદાચ જીવતી ના રહેત.'

લક્ષ્મણે સીતા ને રામની વચ્ચેની વાતચીત સંક્ષેપમાં કહી સંભળાવીને પછી કહ્યું : 'આ પરિસ્થિતિમાં મારે શું કરવું તે પણ પ્રશ્ન છે.' (ક્રમશઃ)

With Best Compliments From....

ભોગમાં અનાસક્તિ થાય, તથા લૌકિક વિશેષતા દેખાડવાની બુદ્ધિ ઓછી કરવામાં આવે તો તૃષ્ણા નિર્બળ થતી જાય છે.

લૌકિક માન આદિનું તુચ્છપણુ સમજવામાં આવે તો તેની વિશેષતા ન લાગે; અને તેની ઇચ્છા સહેજે મોળી પડી જાય.

—શ્રીમદ્ રાજચંદ્ર



Space donated by :

**M/s. Shreeji Chemicals**

: Manufacturer of :

" Vimal " Washing Powder

# * જીવનનું મૂલ્ય સમજો *

જીવન અત્યંત કીંમતી છે. પ્રત્યેક દિવસ ને પળનું મૂલ્ય મોટું છે. તેનો સદ્દુપયોગ કરીને મનને પ્રભુ-સ્મરણમાં લગાડી દેવું જોઈએ. પ્રભુસ્મરણ સિવાયનો સમય અમૂલ્ય હોવા છતાં પણ વ્યર્થ વહી જાય છે. માટે સમજુ વ્યક્તિએ જીવનના સુવર્ણ સમયને પ્રભુ પરાયણ કરવાની કોશીષ કરવી જોઈએ. એમ કરવાથી મન સ્થિર અને એકાગ્ર થઈ જાય છે, અંતઃકરણની શુદ્ધિ થાય છે, પ્રબળતા થતાં પ્રભુનું દર્શન થઈ જાય છે ને જીવન કૃતાર્થ થાય છે. એવા ચોક્કસ વિવેકથી નામસ્મરણ કે બીજી કોઇ સાધનાનો આધાર લેવાની આવશ્યકતા છે. ત્યારે જ સાધક સાધનાનું મૂલ્ય સમજી શકે છે ને તેનો સ્વાદ મેળવવા ને તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા પોતાની સમગ્ર શક્તિને કામે લગાડે છે. ગમે તેવી મુસીબતો ને ગમે તેવાં પ્રલોભનથી ડર્યા કે ડગ્યા વિના આગળ ને આગળ ધપ્યે જાય છે.

## * પૂજા *

ભગવાનને પૂજા કે સેવાની જરૂર કયાં છે? તે તો માણસના પોતાના મંગલને માટે છે. તેથી માણસનું હૃદય નિર્મળ થાય છે, પ્રેમથી ભરાવા માંડે છે, ને છેવટે પરમાત્માની પ્રસન્નતા માટે તલસવા લાગે છે, પ્રભુની કૃપા માટે એ આધાર બને છે. એ પ્રેમ ભક્તિની દિવ્ય દશાની પ્રાપ્તિ માટે જ સેવા ને પૂજાની શરૂઆતની સાધના છે. તેનો લાભ લઈને સાધકે પ્રેમના પાવન પંથે આગળ વધવાનું છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨